# મહમૂદ અહમદી નઝાદ

: સંકલન :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરુચ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| (૧) | ઇસ્લામી ઇરાનના રાષ્ટ્રપતિ જનાબ અહમદી નઝાદ એક અનોખું વ્યક્તિત્વ એક બહાદુર રાજપુરૂષ | ૬ |
| (૨) | જનાબ અહમદી નઝાદ મરહબા, મર્દે કલન્દર મરહબા | ૪૬ |
| (૩) | એક સુંદર નઝમ “કુરબાન બર તો જાનમ” | ૫૯ |
| (૪) | અમેરિકાના પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશ ઉપર ઇરાનના પ્રમુખ મહમૂદ અહમદી નઝાદનો પત્ર | ૬૬ |
| (૫) | ઇસ્લામી જમહુરીએ ઇરાનના પ્રમુખ મહમૂદ અહમદી નઝાદનું | ૧૧૨ |

| | | |
|---|---|---|
| | વક્તવ્ય યુ.એન.ઓ.ની સભામાં (તા. ૧૮-૧૨-૦૬ન રોજ) | |
| (૬) | રેહબરે કબીર ઇમામ ખોમેનીની યાદ | ૧૪૯ |

# પ્રકરણ-૧ : ઈસ્લામી ઈરાનના રાષ્ટ્રપતિ જનાબ અહમદી નઝાદ એક અનોખું વ્યક્તિત્વ એક બહાદુર રાજપુરુષ

જેઓ અલ્લાહના રસ્તામાં જેહાદ કરે છે, જદ્દોજહદ કરે છે.,કોશીશ કરે છે, મહેનત કરે છે. અમે તેમના ઉપર પ્રગતિના રસ્તા ખોલી નાખીએ છીએ. (અલ કુર્આન)

ઈરાનના એક બહાદુર પુરુષ પ્રમુખ જનાબ અહમદી નઝાદ એક સામાન્ય ગરીબ ઘરની સંતાન છે. શિક્ષિત, બુદ્ધિશાળી અને બહાદુર છે. જ્યારે આપ ઈરાનના રાષ્ટ્રપતિ તરીકે ચુંટાઈ આવ્યા ત્યારે વિશ્વ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયું હતું. આપની ન ભૂલી શકાય એવી સિદ્ધિ આ છે કે અણું બોમ્બ બનાવવાના પ્રશ્ને અમેરિકાની દાદાગીરીના મુકાબલામાં એક મજબૂત પહાડની જેમ ઊભા થઈ

ગયા. આપે ખુલ્લા શબ્દોમાં અમેરિકાનો વિરોધ કર્યો. તેની અનેક પોલોને ખુલ્લી પાડી દીધી. અમેરિકા સમગ્ર વિશ્વના રાજયકર્તાઓને બેવકૂફ બનાવે છે. જાતે વિશ્વનું જમાદાર બની બેઠું છે. તેની આ દાદાગીરીને ઇરાનના રાષ્ટ્રપ્રમુખ અહમદી નઝાદે ચેલેંજ કરી છે.

અમેરિકા અહમદી નઝાદની સામે બોખલાઈ ગયું છે. અમેરિકાની આંખોમાં આંખો નાખીને જનાબ અહમદી નઝાદે અમેરિકાની ચોધરીયતને ખતમ કરી દીધી છે. સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે મિસ્ટર બુશ તમારે અમારી કોઈ બાબતમાં રજમાત્ર દખલગીરી કરવાની, અરે, એક શબ્દ પણ બોલવાની જરૂર નથી. તમે તમારો દેશ સંભાળો. ઇરાનના મામલામાં જરાયે ચંચુપાત ન કરશો. તમારી જીભથી ઇરાનનું નામ પણ ઉચ્ચારશો નહિ. આ પ્રમાણે સ્પષ્ટ અને

કડવું સત્ય બોલવાનું પણ જિગર જોઈએ. આ માન અને ઇઝ્ઝત પ્રમુખ અહમદી નઝાદ જેવા બહાદુર પુરષને ફાળે જાય છે.

વિશ્વના તમામ રાજપુરુષો પણ આ બહાદુર પુરુષની હિંમત જોઈ મોંમાં આંગળા નાખી દે છે. કારણ કે અત્યારે પણ અમેરિકાની દાદાગીરી તમામ વિશ્વના દેશનેતાઓ ઉપર ચાલે છે. પરંતુ ઇરાન ઉપર અમેરિકા પોતાની દાદાગીરી જરા પણ ચલાવી શકતું નથી.

ભૌતિકવાદી અને રૂહાની બંને પ્રકારની પ્રગતિમાં ઇરાન અત્યારે મોખરે છે. યુરોપના કોઈપણ સુંદર અને સફાઇદાર દેશ કરતાં ઇરાન વધારે સુંદર અને સફાઇદાર છે. બલકે આખો દેશ એક લીલાછમ બગીચા જેવો છે. રૂહાની પ્રગતિમાં તો સમગ્ર દેશમાં આપને એકપણ સ્ત્રી ઊઘાડા માથે

જોવા નહિ મળે. સમગ્ર દેશમાં બસો અને ટ્રેનોમાં સ્ત્રીઓની અલગ બેઠક વ્યવસ્થા જોવા મળશે. સમગ્ર દેશના વહીવટમાં સ્ત્રીઓ પુરેપુરી ભાગીદાર છે. દરેક ક્ષેત્રમાં, દરેક ખાતાઓમાં સ્ત્રીઓ પોતાના શરીરને, માથાના વાળને બરાબર ઢાંકીને કામ કરે છે. નમાઝનો ટાઇમ થતા અઝાનના સમયે રેલવે ટ્રેનો સુદ્ધાં અટકાવી દેવામાં આવે છે. પ્લેટફોર્મ ઉપર જ સુંદર વિશાળ મસ્જિદો બનાવેલી છે. ઊતારું સ્ત્રી-પુરુષો બધાં જ નીચે ઉતરે છે. જમાત સાથે નમાઝ અદા કરે છે. પછી ટ્રેન પોતાની મંઝિલ ઉપર આગળ ચાલે છે.

બેહયાઈ, બેશર્મી, શરાબ, ઝિના, ડ્રગ્ઝ વગેરેના બધા જ રસ્તા બંધ છે. એક લાખ રૂપિયામાં પણ એક ગ્લાસ શરાબ મળવો મુશ્કેલ છે. નશો ઉત્પન્ન કરનારી ચીજો ઉપર સખત પાબંદી છે.

સખતમાં સખત સજા છે. સમગ્ર દેશમાંથી ચોરી-લૂંટનો ભય દૂર થઈ ગયો છે. લોકોમાં સુખાકારી વધી રહી છે. ઇન્કિલાબના થોડાક વર્ષોમાં આજે જે કંઈ બન્યું છે તે ઇસ્લામી જીવન વ્યવસ્થાને કારણે બન્યું છે. ફસાદ, ફિત્ના, બેહયાઇ, અને બુરાઈઓના બધા જ રસ્તાઓને ઇરાનની ઇસ્લામી સરકારે સદંતર બંધ કરી દીધા છે. આ વિષયમાં પાકિસ્તાનના એક પ્રખર વિદ્વાન સુન્ની આલિમ મોહંમદ યુસુફ કુરેશી સાહેબની કલમે વાંચીએ :

**આંખે દેખ્યો અહેવાલ**

ઇ. સ. ૨૦૦૮નો એપ્રિલ માસ. ઇરાનના પાટનગર તેહરાનમાં બોલાવવામાં આવેલી વિશ્વના મુસ્લિમ બુદ્ધિ-જીવીઓની કોન્ફરન્સમાં હું હાજર હતો. આ અગાઉ પણ હું ચારેક વખત ઇરાનની મુલાકાત લઈ ચૂક્યો છું. મેં ઇરાન, ઇરાની પ્રજા, ત્યાંની

સરકાર અને તેમના દેશનેતાઓની રૂબરૂ મુલાકાતો કરી છે. પરંતુ જનાબ અહમદી નઝાદની રાષ્ટ્રપતિ બન્યા પછી આ મારી ઇરાનની પ્રથમ મુલાકાત છે. આ પ્રભાવશાળી બહાદુર રાજપુરુષને જોઈને મને ઇકબાલનો નીચેનો શેઅર યાદ આવી ગયો :

**હજારોં સાલ નરગીસ અપની બેનૂરી પે રોતી હે**
**બડી મુશ્કેલ સે હોતા હે ચમનમે દીદાવર પેદા.**

ઇકબાલ કહે છે કે બગીચામાં નરગીસ નામના ફૂલને આંખો જેવો આકાર હોય છે પરંતુ આ ફૂલ હકીકતને જોઈ શકતું નથી. સચ્ચાઈને પામી શકતું નથી. આ વિશ્વ રૂપી ચમનમાં પણ લાખો કરોડો ઈન્સાનો પાસે આંખો છે છતાં તે બેનૂર જેવી છે, જોઈ શકતી નથી, સચ્ચાઈને પારખી શકતી નથી. અરે, આ આંખો એટલી બેનૂર - આંધળી થઈ જાય છે કે હકની હિમાયતમાં ખુલ્લી પણ રહી

શકતી નથી. આજે વિશ્વના મુસ્લિમ મઝહબી પુરુષો કહેવાતા આલિમો ઇરાનને હક ઉપર જોઈને પણ તેમની આંખોને બંધ કરી દે છે અથવા તેમની આંખો હકને કબૂલ કરતી નથી.

ઈકબાલ કહે છે કે આ જગતરૂપી ચમનમાં કંઈ હજારો વર્ષ પછી ઘણી મુશ્કેલીથી દીદાવર પેદા થાય છે. જીવનના રહસ્યોનો જાણકાર પેદા થાય છે. અમને પાકિસ્તાનના લોકોને આ બાબતોનો ખૂબ અનુભવ છે કે અમારા સદર જનરલ મુશર્રફને અમેરિકાનો ટેલિફોન આવ્યો ત્યારે અમેરિકા એક આઝાદ મુસ્લિમ દેશ અફઘાનિસ્તાન ઉપર હુમલો કરવાનો ઇરાદો ધરાવતું હતું. પુછ્યું : અમારો સાથ આપશો કે નહિ ? જવાબ આપો નહીં તો તમને પથ્થરના યુગમાં ધકેલી દઈશું. મતલબ તમારી પ્રગતિને ખેદાનમેદાન કરી નાખીશું. અમારા સદર

પરવેઝ મુશર્રફ સાહેબ એમ જાણતાં હોવા છતાં કે વિશ્વમાં આતંકવાદનું સર્જક અમેરિકા જ છે. આજે આ વિશ્વના ખૂણેખૂણે આતંકવાદના નામથી જે કંઈ લોહી રેડાઈ રહ્યું છે તે લોહી અમેરિકાના પોતે આચરેલા આતંકવાદને જ આભારી છે. છતાંય એટલા ઢીલા પડી ગયા, એટલા ભયભીત થઈ ગયા કે હોશ હવાસ ખોઈ બેઠા. આટલું પણ ન કહી શક્યા કે હું આવતીકાલે પાર્લામેન્ટની બેઠકમાં મશ્વિરો કરીને જવાબ આપીશ. પાર્લામેન્ટ ઉપર માટી નાખો, તેની કોઈ જ કીંમત પાકિસ્તાનમાં નથી. પરંતુ મુશર્રફ સાહેબથી આટલું પણ કહેવાની હિંમત ન થઈ કે હું મારા સાથી લશ્કરના જનરલો સાથે મશ્વિરો કર્યા પછી જવાબ આપીશ. ઈન્કાર કરવાની તો આપની શક્તિ જ ક્યાં છે. અમેરિકાના પ્રમુખ બુશને ટેલિફોન ઉપર જ કહી દીધું કે બિલકુલ, જી,

અમે આપની સાથે છીએ. તમે જેમ કહેશો એમ કરીશું. જો તમારે અફઘાનિસ્તાન ઉપર હુમલો કરવો હોેય તો પાકિસ્તાનના બધા જ હવાઈ અડ્ડા, બધા જ સાધનો આપની સાથે જ છે.

બુશના એક જ ફોન ઉપર પાકિસ્તાનના ચીફ ઓફ ધી આર્મી ઢગલો થઈને પડી ગયા. એમની આ બુઝદીલીએ (કાયરતાએ) તેઓને ન ફક્ત પાકિસ્તાનમાં, બલકે સમગ્ર વિશ્વમાં બેઇઝ્ઝત બનાવી દીધા.

**મૌલાના આગળ લખે છે કે :**

ઈસ્લામાબાદમાં પરવેઝ મુશર્રફ સાથે મારી એક મુલાકાતમાં મેં વિનંતી કરતા પુછ્યું કે જનાબ આપ એકદમ અમેરિકાની સાથે કેમ થઈ ગયા, જ્યારે કે અત્યારે વિશ્વભરમાં ઈસ્લામ દુશ્મની માટે

અમેરિકા બદનામ થઈ ચૂક્યું છે, બલકે વિશ્વસ્તરે મુસ્લિમો અમેરિકાથી સખત નફરત કરે છે.

જવાબમાં કહ્યું : મૌલાના ! મેં ઘણી જ અક્કલમંદીથી કામ લીધું છે. જો હું એવું ન કરત તો પાકિસ્તાનને તબાહ-બરબાદ કરી દેવામાં આવત. અમારી પાસે આ સિવાય બીજો કોઈ માર્ગ જ ન હતો. પરવેઝ મુશર્રફના મુકાબલામાં ઈરાનના રાષ્ટ્રપ્રમુખે અમેરિકાના હોશકોશ ઉડાડી દીધા. લલકારીને કહ્યું :

**ચલો આવ ઝાલિમ હુનર આઝમાએં**
**તુ તીર આઝમાં હમ જિગર આઝમાએં**

અમને ધમકાવો નહીં મિ.બુશ ! અમે તમારી ગીધડ ભપકીથી ડરવાના નથી. અમે મોમીન છીએ. મુસલમાન છીએ. મુસલમાન ફક્ત ખુદાથી ડરે છે, અને ખુદાના સિવાય કોઈનાથી

ડરતા નથી. આવો ક્યારે આવો છો ? અમે તમારી રાહ જોઈ રહ્યા છીએ. જો આ તરફનું મોં પણ કર્યું તો અમે ઈરાનને તમારું કબ્રસ્તાન બનાવી દઈશું.

તુલના કરો - એક પાકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ ચૌદ કરોડના દેશનો વડો જે અણુશક્તિ પણ ધરાવે છે પરંતુ ઈમાનની શક્તિ એની પાસે નથી. બીજી તરફ ઈરાનના પ્રમુખ સાત કરોડની વસતી જે દેશ પાસે અણુશક્તિ પણ નથી. તે પોતાના ઈમાનની શક્તિનો પરચો બતાવીને વિશ્વનો હીરો બની ગયો. પરંતુ અમારા દેશના પ્રમુખ સાહેબે પોતાની પાસેથી સાધનસામગ્રી ઉપર દૃષ્ટિ નાખી મુસબ્બેબુલ અસબાબની શક્તિ ઉપરથી દૃષ્ટિ હટાવી દીધી.

લોકો કહે છે કે અહમદી નઝાદે અમેરિકા સામે બાથ ભીડી છે તો અમેરિકા એમને બરબાદ કરી દેશે. પરંતુ વિશ્વે જોઈ લીધું કે અમેરિકા

ઈરાનનો કે ઈરાનના રાષ્ટ્રપ્રમુખનો વાળ પણ વાંકો કરી શક્યું નથી. ઉલટાનું અહમદી નઝાદ વધુ મજબૂત થઈ ગયા, બલકે આપની હિંમત પણ વધી ગઈ. હવે તેઓ સિંહગર્જના કરી રહ્યા છે. તેમની આ સિંહગર્જનાએ સમગ્ર યુરોપને ધ્રુજાવી દીધું છે. આપ અલ્લાહની શક્તિની વાત કરે છે. કોઈની પરવા નથી કરતા. જ્યારે કે અમારા સદર તો દુનિયામાં પણ બેઇઝ્ઝત થઈ ગયા અને હવે તો પાકિસ્તાનમાં પણ લોકો તેમનાથી નફરત કરતા થઈ ગયા છે.

## મર્દે કલન્દરની મુલાકાત

ઈરાનની ખબરો મિડિયા દ્વારા મળતી રહેતી હતી. જનાબ અહમદી નઝાદની સિદ્ધિઓનું વર્ણન વાંચતો઼ે તો દીલ ખુશ થઈ જતું. વારંવાર વિચાર આવતો કે આ મર્દે કલન્દરની મુલાકાત થઈ જાય

તો ઘણું સારૂં. અલ્લાહથી દુઆ પણ કરતો. સાથે સાથે ઘણી જ સ્પષ્ટતા સાથે આ વાત પણ જણાવી દઉં કે હું સુન્ની અકીદો ધરાવું છું. પરંતુ શીયા અકીદાથી ન કદી નફરત પહેલાં હતી ન આજે છે. તે સાથે આ વાત પણ હું સ્પષ્ટ કરી દેવી જરૂરી સમજું છું કે રેહબરે કબીર ઈસ્લામી ઈન્કિલાબના પ્રણેતા ઈમામ ખોમૈનીના દીલમાં અને ત્યારના અને આજના તમામ ઈરાની ઓલમાના દીલમાં સુન્નીઓ પ્રત્યે ભારોભાર પ્રેમ હતો અને છે. મારી અગાઉની ઈરાનની મુલાકાત આ બાબતની સાબિતી છે. આ લોકો ઈસ્લામી એકતામાં માને છે. વિશ્વસ્તરે ઈસ્લામનું અને મુસલમાનોનું માથું ઊંચું રહે તે માટે ઈરાની આયતુલ્લાહો સતત કોશીશ કરતા રહે છે. ઈરાનીઓનો એકેએક આલીમ સઉદી અરબના વહાબી આલિમો પ્રત્યે પણ એકતાનો હાથ

ફેલાવે છે. ઈરાની આલેમો કિબ્લએ અવ્વલ બયતુલ મુકદ્દસની આઝાદી ઇચ્છે છે. ફરીથી એના ઉપર ઈસ્લામનો ધ્વજ ફરકે અને યહુદીઓ ઝલીલ થાય. ઈરાનના યુવાનોના દીલોની પણ આ જ તમન્ના છે. વાતમાં કંઈક લંબાણ થઈ રહ્યું છે. શીયા સુન્ની ઈખ્તિલાફ જેવી કોઈપણ વાતો કે સુન્નીઓ પ્રત્યે નફરત એવી કોઈપણ નકામી વાતો ઈરાની યુવાનોના દીલોમાં નથી. મેં તો આ અગાઉ પણ અનેક વખત ઈન્કિલાબ પછીના વર્ષોમાં ઈરાનની મુલાકાતો લીધી છે. જેથી આ મારા જાતઅનુભવની વાત કહી રહ્યો છું. બસ મારા દીલની આ તમન્ના હતી કે આ મર્દે કલન્દરની રૂબરૂ મુલાકાત કરીને એમની હિંમત, બહાદુરી ઉપર એમને મુબારકબાદી આપું.

આ જ સમયગાળામાં ઈરાની કાઉન્સીલ પેશાવરથી ટેલિફોન ઉપર આમંત્રણ મળ્યું કે ચોથી જુનના દિવસે તેહરાનમાં એક કોન્ફરન્સ રાખવામાં આવી છે. જેના માટે ત્રીસ મે ના નીકળવાનું રહેશે. આપને આમંત્રણ આપવામાં આવે છે. આપ સ્વીકારશો તો અમને ખુશી થશે, આપ ઘણો સમય થયો ઈરાન આવ્યા નથી. હવે નવી પરિસ્થિતિનું પણ આંકલન અને પરિક્ષણ કરો.

આ લગભગ ૨૭ મે ૨૦૦૮ની વાત છે. મેં આમંત્રણ સ્વીકારી લીધું. મેં કાઉન્સીલર સાહેબને જણાવ્યું કે મને આપનું આમંત્રણ મંજૂર છે. આ વખતે તો મારું દીલ ચાહતું હતું કે ઈરાન પહોંચુ. ઈન્શાઅલ્લાહ હું પ્રોગ્રામના પ્રમાણે કોન્ફરન્સમાં હાજર રહીશ. જેથી હું 30 મે ૨૦૦૮ના દિવસે પેશાવર એરપોર્ટ ઉપર પહોંચી ગયો. ખબર પડી કે

આ પ્રતિનિધિમંડળમાં મારી સાથે જનાબ સાબીર હુસૈન આવાન એમ. એ., રહીમુલ્લાહ યુસુફ જઈ સાહેબ, ડૉક્ટર અબ્દુલગફુર સાહેબ, જનાબ આફતાબ સાહેબ તથા ન્યુઝ એજન્સીના એક પ્રતિનિધિ-રિપોર્ટર ફખ્રે આલમ સાહેબ, ફ્ન્ટીયર પોસ્ટના પ્રતિનિધિ મૌલાના હાફેઝ હશમતખાન સાહેબ, રાજમંત્રી હામિદ શાહ એમ.પી., બીજા કેટલાક વ્યક્તિ મળીને અમે કુલ ૧૨ માણસો આ પ્રવાસમાં હતા. સમગ્ર પાકિસ્તાનમાંથી કુલ ૪૨ માણસો આ કોન્ફ્રરન્સમાં બોલાવવામાં આવ્યા હતા.

સ્થાનિક વિમાની મુસાફરીની સફરેથી પરવારી અમે તેહરાન એર લાઇનના એક વિમાનમાં સવાર થયા. તેહરાન જવા રવાના થયા. સાડા ત્રણ કલાકમાં અમે તેહરાન પહોંચી ગયા. ત્યાં અમારા સ્વાગત માટે કોનફ્રન્સના વ્યવસ્થાપકો

હાજર હતા. એરપોર્ટની કાગઝી કાર્યવાહી પતાવીને અમે ઇન્ટરનેશનલ હોટલ લાલે લઈ જવામાં આવ્યા. લાલેનો ફારસીમાં અર્થ ફૂલ થાય છે.

અલહમ્દોલિલ્લાહ અમે અસરના સમયે હોટલમાં દાખલ થઈ ગયા. હોટલમાં અમારામાંના દરેકને બેની જોડીમાં એક રૂમ આપવામાં આવ્યો. પરંતુ મારું સન્માન કરતાં મને એકલાને એક રૂમ આપવામાં આવ્યો. પહેલી અને બીજી જુનના દિવસે અહીંના એક હોલ - ફાતેમા હોલમાં "કરામતે ઈન્સાન" ના વિષયમાં એક સેમિનાર ચાલતો હતો. અમે પણ તેમાં હાજરી આપી.

ત્રીજી જુનની રાતે અમને જણાવવામાં આવ્યું કે આવતીકાલે તમારી ઈરાનના રાષ્ટ્રપ્રમુખ સાથે મુલાકાત ગોઠવવામાં આવી છે. તમને સવારના સાડા આઠ વાગ્યે હોટલથી લઈ જવામાં

આવશે. આ ખબર સાંભળીને ઘણી જ ખુશી થઈ કે ચાલો ઈન્શાઅલ્લાહ, દીલની તમન્ના પૂર્ણ થઈ જશે. સદરે ઈરાન મર્દે કલન્દર અહમદી નઝાદને નજીકથી જોવાનો મોકો મળશે. વળી કંઈક વાતો પણ થશે. અમારા જેવા તો દુનિયાના પચાસ દેશોમાંથી આવેલા ચારસો પચાસ માણસો હતા. જેઓ આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે આવેલા હતા. વિશ્વના આ બુદ્ધિશાળી લોકોનો સમૂહ હતો. આમાંના મોટાભાગના લોકો તો લેખકો હતા. કલમ શક્તિ ધરાવનાર ઈલ્મયાફતા મહાનુભાવો હતા.

સરકારી ગાડી આવી. અમને અમારી હોટલ લાલેથી રાષ્ટ્રપતિ ભવન લઈ જવામાં આવ્યા. તે હોટલથી પાંચ, છ કિલોમીટર જ દૂર હતું. પ્રમુખની ઑફિસથી થોડેક જ દૂર અમને ઉતારો આપવામાં આવ્યો.

સલામતિની કડક વ્યવસ્થા હતી. કેમેરા કે મોબાઇલ ફોન સાથે લઈ જવાની છૂટ ન હતી. સલામતિની આવી બે ત્રણ પોસ્ટ વટાવીને અમને સદર હાઉસ - રાષ્ટ્રપ્રમુખના ઘેર લઈ જવામાં આવ્યા.

આ કહેવાશે - રસૂલની મહબ્બત

**સાદગી, ઈસ્લામનો તરીકો**

સદર હાઉસ જોઈને તો અમો બધા જ દંગ રહી ગયા. અમે એકબીજાના મોં જોવા લાગ્યા. ઘડીભર તો અમારા દિમાગો વિચાર કરતાં જાણે અટકી ગયાં. એક બિલકુલ સાદી-સીધી બિલ્ડીંગ જેમાં ઈરાનના પ્રમુખની ઑફિસ હતી. દફતર હતું. અહીં આપ દરરોજ આવીને પોતાની ડયુટી બજાવે છે. કલાકોના કલાકો કામ કરે છે. ઈરાન એક ધનાઢ્ય દેશ છે. અલ્લાહે તેને તેલના ખજાનાઓથી

માલામાલ કર્યો છે. મારી સાથે અમારા પાકિસ્તાનના જનરલ મોઇનુદ્દન હૈદર સાહેબ હતા. તેઓ એક સમયે સિંધના ગવર્નર રહી ચૂક્યા હતા, તેમણે જણાવ્યું કે ઈરાનની ફક્ત તેલની આવક આપણા દેશના કુલ બજેટ કરતાં વધારે છે.

ઈરાનમાં મોટી મોટી, ઊંચી ઊંચી આકાશ ચુંબતી બિલ્ડીંગો છે. અનેક વિશાળ મહેલો છે. જાહોજલાલીથી ભરપુર ઈમારતો છે. જેનું વિસ્તારથી વર્ણન કરવા જતાં લાંબું થઈ જાય છે. ઈરાનના રાષ્ટ્રપતિનું દફતર એક સામાન્ય કક્ષાના મકાનમાં? રાષ્ટ્રપતિભવન પણ એક સામાન્ય કક્ષાનું બિલ્ડીંગ? આટલું સાદું ! આટલું મામૂલી ! આ બંને બિલ્ડીંગ એક સડકના કિનારે આવેલ છે. આ દફતર જોઈને અમોને એવો અહેસાસ થયો કે ઈન્કિલાબ કોને કહેવાય છે.

મેં તો ઈરાનના શાહના મહેલો પણ જોયા છે. એક બે થી વધુ વખત જોયા છે. જેમાં સોના-ચાંદીના વાસણો, પાણી ભરવાની મોટી પવાલીઓ પણ સોનાની, લોેટા, તપેલીઓ, જગો પણ સોનાના પાણીના નળ પણ સોના-ચાંદીના, પીવા માટેના પાણીના ગ્લાસો સોનાના, આઇસ્ક્રીમ ખાવાની તથા શરાબ પીવાની પ્યાલીઓ સોનાની, શું સોનાનું ન હતું ? શું પાકિસ્તાનનું રાષ્ટ્રપતિ ભવન તમે જોયું છે ? જે એક ગરીબ દેશની-પાકિસ્તાનની પ્રજાના ઘા ઉપર નમક ચોપડવા જેવી વાત છે. પાકિસ્તાનનું રાષ્ટ્રપતિ ભવન બાંધકામની દૃષ્ટિએ ઈરાનના શાહ પહેલવીના મહેલ કરતાં પણ વધારે કીમતી છે, જ્યારે અહીં અહમદી નઝાદનું દફતર અને ઘર બંને એક સામાન્ય વ્યક્તિના સાદા-સીધા મકાન કરતાં પણ

વધારે કમજોર છે, આ મકાનના ત્રીજા માળે એક હોલ છે. ત્યાં જવાનું હતું. ઘણાંબધા માણસો તો સીડી-પગથિયાં દ્વારા ઉપર ચઢ્યા. પરંતુ હું લીફ્ટ તરફ ગયો. લીફ્ટ ઉપર ચઢ્યો તો વધારે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. લીફ્ટ ઘણી જ જૂની થઈ ગઈ હતી. માંડ ચાર માણસ એક સાથે ઊભા રહી શકે તેના કરતાં મોટી ન હતી. હોલમાં પહોંચ્યો તો હું તો અવાચક જેવો થઈ ગયો. એક સાદોસીધો હોલ-કમરો હતો. ખુરશીઓ પણ તદ્દન સાદા લાકડાની સામાન્ય કક્ષાની હતી. આ બધું જોઈને કોઈને પણ એમ માલુમ ન પડે કે આ કોઈ તેલ, વીજળી અને ગેસથી માલેતુજાર (ધનાઢ્ય) દેશના રાષ્ટ્રપતિનું મકાન છે.

પ્રતિનિધિ મંડળના દરેક મહેમાનોએ પોતપોતાની ખુરશીઓ સંભાળી લીધી. થોડીક જ

વારમાં ઈરાનના રાષ્ટ્રપ્રમુખ જનાબ અહમદી નઝાદ તદ્દન સાદગી સાથે સાદાસીધા અંદાજથી કોઈ બોડી ગાર્ડ વગર હોલમાં દાખલ થયા. બધા જ લોકોએ ઊભા થઈને આપનું સ્વાગત કર્યું.

તદ્દન સાદું જેકેટ પહેર્યું હતું. એક ભાઈએ મને બતાવ્યું કે આપે જે બૂટ પહેર્યા હતા. કેટલાય દિવસ થયા તેના ઉપર પોલિશ થયું ન હતું. પછી ત્યાં જ અમને ખબર પડી કે રાષ્ટ્રપતિ જનાબ અહમદી નઝાદ સાહેબ આ રાષ્ટ્રપતિભવનમાં નથી રહેતા. આપ રાષ્ટ્રપ્રમુખ બનતા અગાઉ તેહરાન શહેરના મેયર હતા. ત્યારના તેઓ પોતાના પાંચ ઓરડાના મકાનમાં રહે છે. અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો. આપ પધાર્યા. હારબંધ બેઠેલા બધા જ લોકો સાથે હાથ મિલાવી મુસાફો કર્યો. પછી લોકોની સાથે જ, એ જ પ્રકારની સાદી ખુરસી ઉપર બેસી

ગયા. ત્યાં એક નાનું સરખું સ્ટેજ પણ હતું, છતાંય આપ આ અલગ સ્ટેજ ઉપર બેસવાની જગ્યાએ બધાંની સાથે લાઈનમાં ખુરશી ઉપર બેસી ગયા.

તીલાવતે કલામે પાકથી સભાની શરૂઆત થઈ. કુર્આનની તીલાવત ઘણી ખુબસુરતી સાથે એક ઈરાની તાલિબે ઇલ્મે કરી. ત્યાર પછી મેહમાનોને પોતાના વિચારો રજૂ કરવાનું કહેવામાં આવ્યું. એલાન થયું કે જે લોકો કંઈ કહેવા માગતા હોય, કોઈ બાબત પોતાનો મત રજૂ કરવા માગતા હોય તેઓ કહી શકે છે.

પાકિસ્તાનના પ્રતિનિધિમંડળના નેતા માજી ગર્વનર સિંધ મૌલાના અબ્દુલ ગફૂર હૈદરે પણ શ્રોતાઓને સંબોધન કર્યું. સાથે વિશ્વાસ અપાવ્યો કે મુત્તહેદા મજલિસે અમલ પાકિસ્તાન અને પાકિસ્તાનના લોકો આપની સાથે જ છે. અને

અમેરિકાની દાદાગીરી, આતંક અને ઝુલમની પરિસ્થિતિમાં આપના મદદગાર રહેશે. ઘણાં બધા લોકો કંઈક કહેવા ઇચ્છતા હતા. પરંતુ સમયના અભાવે વ્યવસ્થાપકોએ પાંચેક વ્યક્તિઓના લેક્ચર પછી સદરે ઇરાન જનાબ અહમદી નઝાદ સાહેબને આમંત્રણ આપ્યું. આપનું ભાષણ બહાદુરી અને જોશ-હિંમતથી ભરપુર હતું. આપના ભાષણનો એકએક શબ્દ અમારાં રૂવાટાં ઊભા કરી દેતો હતો. આપના લેક્ચરના બે ચાર વાક્યોનો રસાસ્વાદ માણીએ.

**આપે ફરમાવ્યું :**

સત્તાધીશો દિયાનતદાર હોય, અમાનતદાર હોય, જેમના કાર્યો નેક હોય, તેઓની વાણી અને વર્તનમાં તફાવત ન હોય, સત્યવચન બોલનારા અને સત્યને વળગી રહેનારા હોય, વળી જે

અલ્લાહના દીનને બુલંદ કરવા ઇચ્છતો હોય, તેને કોણ દબાવી શકે છે? તાકાત તો ફક્ત ખુદાની તાકાત છે. અને આ તાકાત ફક્ત તે લોકો સાથે હોય છે, જેઓ અલ્લાહના રસ્તામાં જેહાદ કરે છે. રબ્બુલ આલમીનનું ફરમાન છે. જેઓ અલ્લાહના રસ્તામાં જેહાદ કરે છે, કોશીશ કરે છે, મેહનત કરે છે, અમે તેઓ ઉપર પ્રગતિના રસ્તા ખોલી નાખીએ છીએ.

ઈરાનનો ઈન્કિલાબ ઈમામ ખોમેનીના જેહાદ (મેહનત) અને કુરબાનીઓનું પરિણામ છે. અલ્લાહની મહેરબાનીથી તે આગળ વધી રહ્યો છે. અમને કોઈપણ અમારા અણું પ્રોગ્રામ અને ઈસ્લામ પ્રચારથી નથી રોકી શકતું. ન તો આ બાબત અમે અમેરિકા કે બીજી કોઈ શક્તિની નોંધ લઈએ છીએ. અમને અમારા ખુદા ઉપર પુરેપુરો વિશ્વાસ છે.

આપની આખી તકરીર ખુબસૂરત અને લીલ્લાહિયતથી ભરેલી હતી. ઈખ્લાસથી ભરપુર હતી. સાંભળનાર અનુભવી શકતો કે આ માણસ અંતરના ઊંડાણમાંથી બોલે છે. ઝાલીમ ઈન્સાનોના વિરુદ્ધ દીલના ગમની વાતો કહે છે. આપની તકરીરનું કદીક કોઈક વખત વર્ણન કરીશ. હાલમાં તો એમની મુલાકાતનું વર્ણન કરું.

જ્યારે આપ તકરીરથી પરવાર્યા તો બધા જ લોકો આપની મુલાકાતના હેતુથી આપ ઉપર તૂટી પડ્યા. ત્યાર પછી કેટલાક લોકોએ આપથી ઓટોગ્રાફ લેવાનું શરૂ કર્યું. હું આ વ્યક્તિની હિંમત અને જોશ ઉપર આશ્ચર્યમાં હતો કે ચારે તરફથી લોકો આપને ઘેરી વળ્યા છે. ન આપ ગભરાય છે, ન જવાની ઉતાવળ કરે છે, સિક્યોરીટીવાળાઓને આપે મના કર્યું છે કે લોકોને આપની પાસે

આવવાથી ન રોકે. એક કલાક સુધી લોકોને મળ્યા ઓટોગ્રાફ આપતા રહ્યા. ભીડભાડના કારણે હું તો થોડે દૂર ઊભો રહ્યો હતો.

જ્યારે લગભગ બધા જ લોકો મુલાકાતથી પરવારી ચૂક્યા તો હું પાસે ગયો. મેં આપનું માથું ચૂમ્યું આપે મને ગળે વળગાડીને  ઘણી જ મહબ્બતથી ચૂમ્યા. મેં આપને અમેરિકાનો મુકાબલો કરી તેની દાદાગીરીનો જડબાતોડ જવાબ આપવા બદલ શાબાશી આપી. મેં મુબારકબાદી આપતાં કહ્યું: આપની આ બહાદુરીએ આપને વિશ્વના મુસાલમાનોના એક પ્રેમાળ નેતા-મુસલમાનોના હ્દ્દય સમ્રાટ બનાવી દીધા છે. આ સમયે મેં આપને મારી બે કિતાબો “યુસુફ ઝિન્દાનખાનેમેં” અને “મુજાહિદે સરહદ” આપી. આપે તેના ઉપર એક અછડતી દૃષ્ટિ નાખી જણાવ્યું કે હું જરૂર તેનું વાચન

કરીશ. આટલો મોટો માણસ આટલી સરળતા અને સહજતાથી નમ્રતા અને પ્રેમ સાથે આપણી સાથે હળે-મળે અને વાતો કરે, આ બાબત મેં આપનો શુક્રિયા અદા ફરમાવ્યો. જો કે આપથી આ મુલાકાત થોડી મિનિટો માટે થઈ પરંતુ ઘણી જ સુંદર રહી. મેં કહ્યું : મારો ઇરાન આવવાનો મકસદ, આપથી રૂબરૂ મળવું અને વાતો કરવી હતો. આપે મને ફરીથી ગળે લગાવ્યો અને અમે છુટા પડ્યા.

નાચીજને દુનિયાના બહાદુર, હકપરસ્ત અને સત્યપ્રેમી વ્યક્તિઓથી હંમેશા મહબ્બત રહી છે. દીલ ઇચ્છે છે કે આવા લોકોને મળું. ભલે પછી તેમની માન્યતાઓ અને અમૂક કાર્યો સાથે ઈત્તેફાક ન પણ હોય. ત્યારબાદ અમે હોટલ લાલે પરત આવ્યા.

## ઈરાનની સુંદરતા વિશે

તેહરાન ઈરાનની રાજધાનીનું શહેર છે. તેની વસ્તી લગભગ દોઢ કરોડની છે. શાહ પહેલવીના સમયમાં પણ હું તેને જોઈ ચૂક્યો છું. ઇન્કિલાબે ઈસ્લામી પછી તો મેં તેને ઘણાં વખત જોયું છે. આ વખતે લગભગ દસ વર્ષ પછી આવ્યો છું. ઈન્કિલાબ પછી તો આ શહેરને એટલું સુંદર બનાવી દેવાયું છે કે આપણને તેની ખૂબસુરતી જોઈને મન થાય કે અહીં જ રહી જઈએ. આમ તો ઈરાન આખો દેશ જ ખૂબસુરત છે. સમગ્ર દેશમાં બેહતરીન બગીચા છે. સફાઈ આંખે ઉડીને વળગે. ગંદકીનું નામોનિશાન ન મળે. ક્યાંય પણ કચરો કે કીચડ કે નકામા પથ્થરોનું નામોનિશાન ન મળે.

ઘણા જ સુંદર મહેલાતો, સુંદર બિલ્ડીંગ, બેહતરીન ઈમારતો, વિશાળ રસ્તાઓ અને મોટા

મોટા વિશાળ બગીચાઓ. રોડની બંને સાઇડ ફૂલછોડ. જાણે આપણે કોઈ પરીઓના દેશમાં આવી ગયા હોય. વ્યક્તિ યુરોપને ભૂલી જાય એટલું સુંદર ઈરાન છે. જ્યાંની ગલીએ ગલીએ તમને એવો એહસાસ થાય કે તમે એક ઈસ્લામી દેશમાં ફરી રહ્યા છો. ઈસ્લામી - પણ સાચો ઈસ્લામી દેશ. ન કે ફક્ત કાગળ પર લખાયેલો ઈસ્લામી દેશ, જેના રાજ્યકર્તાઓ ફક્ત નામના જ મુસલમાન હોય. બધા જ દેશ નેતાઓ દારૂ પીનારા, વ્યભિચારી હોય. જુઠ્ઠા, લબાડ અને મુનાફિક પણ હોય. એવા ઈસ્લામી દેશો તો ઘણાં બધા છે. પરંતુ વિશ્વમાં આ જ એક ઈસ્લામી દેશ એવો છે કે જેના બધા જ નેતાઓ અવ્વલ વખત ઉપર નમાઝ અદા કરનારા, બલકે નમાઝ અગાઉ  અને નમાઝ પછી અલ્લાહનો ઝિક્ર કરનારા અને એનાથીયે વધીને મોટાભાગના

દેશનેતાઓ તો અડધી રાતના ઊઠીને પોતાના પાલનહારની સમક્ષ આહોઝારી પૂર્વક રડીને દુઆ કરનારા છે.

ઈરાનમાં ચારે તરફ ફૂલ જ ફૂલ અને લીલી હરિયાળી દૃશ્યમાન થાય છે. પાકિસ્તાનના નેતાઓ વખતો વખત યુરોપ-અમેરિકાનો પ્રવાસ ખેડતા હોય છે, આ અમારા નેતાઓ યુરોપની સફરથી પાછા ફરતા યુરોપની સફાઈ અને સુંદરતાની કોઈ અસર લઈને આવતા નથી, પરંતુ ત્યાંની નાઇટ કલબો, ત્યાંના પોપ ડાન્સ અને ત્યાંની બેહયાઈ - બેશર્મી અને નગ્નતાને તો પોતાની સાથે પોતાના દિમાગ અને પોતાના દીલમાં બેસાડીને પાકિસ્તાન લઈ આવે છે. પછી પાકિસ્તાનમાં નાઈટ ક્લબો, પોપ ડાન્સ અને આવી અનેક નાપાકીઓ ચાલુ કરાવે છે.

## ઈરાનની રૂહાની પ્રગતિ

ભૌતિક પ્રગતિ, માનવ ખુશહાલી, ભૂખમરો નાબૂદી, ખૂબસુરતી, સુંદરતા વગેરે માદ્દ પ્રગતિમાં ઈરાન મોખરે છે. ઈરાન વિશ્વના કોઈ દેશનું એક પાઈનું પણ કરજદાર નથી. ત્યાં લુંટ, ખુના મરકી વગેરે સરહદી ઈલાકામાં નહીંવત થાય છે. જ્યાંથી ઈરાકીઓ, અફઘાની કે પાકિસ્તાનીઓ ઘુસી આવા ગુના આચરતા હોય છે. તે સિવાય સમગ્ર ઈરાન માદ્દ-ભૌતિક રીતે ખુશહાલ છે.

ઈરાનની રૂહાનિ (આધ્યાત્મિક) પ્રગતિની તો શું વાત કરવામાં આવે. એક લાખ રૂપિયા આપતાં પણ તમને એક ગ્લાસ દારૂ ન મળે, ગાંજો, ચરસ, નશો પેદા કરે એવી કોઈપણ વસ્તુ ન મળે. સમગ્ર ઈરાનમાં એક સ્ત્રી પણ તમને હિજાબ વગર

ઉઘાડા માથે જોવા નહીં મળે. ક્યાંયે તમને નગ્નતાનું પ્રદર્શન જોવા નહીં મળે.

સમગ્ર ઈરાનમાં રેડિયો ટેલિવિઝનમાં કોઈ ખરાબ દૃશ્ય જોવા નહીં મળે. ઈરાનની પોતાની પાંચ ચેનલ ચાલે છે. એક ચેનલ ચોવીસ કલાક સમાચાર આપે છે. ઈરાને હજી સુધી યુરોપની ચેનલોને પોતાના દેશમાં દાખલ થવા દીધી નથી. ત્યાં સાઇનબોર્ડો ઉપર પણ કોઈ નગ્ન તો નહીં જ પરંતુ કપડાં પહેરેલી સ્ત્રીનો ફોટો પણ નહીં મળે. બલકે યુવકની તસવીર સુધ્ધાં નહીં મળે. ઈરાનમાં સાઈનબોર્ડો ઉપર બેહતરીન અક્ષરોથી ફૂલપાંખડી સાથેનું લખાણ જરૂર મળશે.

ઈરાનની પ્રજા કોટપાટલૂન પહેરે છે. છતાંય કોઈ એક વ્યક્તિ પણ - ન પ્રજામાંથી, ન સત્તાધીશો કે અધિકારી વર્ગમાં, ગળામાં ટાઈ

પહેરેલા જોવા મળશે નહિ કારણ કે આ લોકો ગળામાંની ટાઈને સુલયબી - ક્રિશ્ચન નિશાની માને છે.

ઉપરોક્ત રૂહાનીયતમાંની કોઈ રૂહાનિયત અમારા દેશમાં મળશે નહિં. ઘણો જ અફસોસ થાય છે.

*(માહનામા ખ્વાજગાન - લાહોર, એપ્રિલ ૨૦૦૮ માંથી)*

0 સમગ્ર વિશ્વમાં આતંકવાદનુ જનેતા અમેરિકા છે.

0 એટમબોમ્બની મોનોપોલી ધરાવતું અમેરિકા ઈસ્લામી ઈરાન ઉપર બોમ્બ બનાવતું હોવાની બૂમરાણ કયા મોઢે કરે છે ? હિરોશીમાં અને નાગાસાકી પર હેવાનીયતભરી બોમ્બવર્ષા કોણે કરી હતી ?

0 વિશ્વના બધા જ દેશોની સરકારો ઘમંડી અને ઝાલીમ અમેરિકાથી ડરે છે. જેમાં કહેવાતા મુસ્લિમ શાસકો પણ છે, જેમના માબાપોએ તેમના નામો

મુસલમાન જેવાં રાખેલાં છે. આ ખેતરના ચાડિયા જેવા શાસકો નામથી જ મુસલમાન છે, અમલથી નહિં.

o ઈસ્લામનો અર્થ જ સલામતિ અને એકમાત્ર અલ્લાહની સર્વાંગી શરણાગતિ છે. ઈસ્લામ અશાંતિનો કટ્ટર વિરોધી છે. આક્રમણકારી લડાઈઓનો પણ ઈસ્લામ વિરોધી છે.

o જો કોઈ તમારી ઉપર આક્રમણ કરે તો સ્વરક્ષણ માટે, સ્વબચાવ માટે જ જેહાદ કરી શકાય છે. જે એક પવિત્ર યુદ્ધ છે. ઈઝ્ઝત આબરૂ, જાનમાલના રક્ષણ ખાતર કરેલું યુદ્ધ જ જેહાદ ગણાય છે.

o આપસી સમજ, સારા અખ્લાક અને સદ્વર્તન વગેરે દ્વારા જ ઈસ્લામ ફેલાવી શકાય છે. બળજબરી કે લાલચ અને ઝબરદસ્તી દ્વારા ઈસ્લામ ફેલાવી શકાશે નહિં.

૦ દીલની ખુશીથી, પોતાની મરજીથી સ્વીકારેલો ઈસ્લામ ધર્મ જ સાચો ઈસ્લામ ધર્મ ગણાશે. તે સિવાય લાલચ દ્વારા કે દાદાગીરી કે ઝબરદસ્તી દ્વારા સ્વીકારાયેલ ઈસ્લામી અકીદાઓ ધરાવતી વ્યક્તિ મુસલમાન કહેવાશે નહિ. ઈસ્લામને સમજી-વિચારીને દીલો-દિમાગ બંનેથી કબૂલ કરવો પડશે.

૦ રસુલુલ્લાહ (સલ.)ના જમાનાની લડાઈઓ અને મુસલમાનોના ચોથા ખલીફા શીયાઓના પહેલા ઈમામ ઈમામ હઝરત અલી (અલ.) ના જમાનામાં લડાઈયેલી લડાઈઓ જ ઈસ્લામી જેહાદ ગણાશે.

૦ રસુલુલ્લાહ (સલ.) અને અલી (અલ.)ને બાદ કરતાં બાકીના રાજાઓ, સુલતાનો, ખલીફાઓ વગેરે મુસલમાન શાસકોએ જે આક્રમણખોરી કરીને લડાઈઓ લડી, દરિયાપારના નિરૂપદ્રવી અને શાંત દેશોની સત્તાઓને ઉથલાવી પોતાના રાજવિસ્તારો

વધાર્યા - આવી - સત્તા લાલસા અને વિસ્તારવાદી નીતિ અપનાવીને લડેલી મુસ્લિમ શાસકોની લડાઈઓને “ઈસ્લામી જેહાદ” કદી પણ કહેવાશે નહિ. ઈસ્લામમાં ઝબરદસ્તી નથી.

લાઈકરાહ ફિદ્દીન અર્થાત દીનમાં ઝબરદસ્તી નથી.

**લકૂમ દીનોકૂમ વલેયદીન (અલ કુર્આન)**

તમારો દીન તમને મુબારક (તમારી પાસે) અને અમારો. દીન અમને મુબારક (અમારી પાસે)

0 અમેરિકાની શેતાનીયત જુઓ કે અર્ધ કચરા જન્મજાત મુસલમાનો પાસે ખોટાં કાર્યો કરાવે છે. તાલિબાન નામનું સંગઠન અફઘાનિસ્તાનમાંથી રશિયાનું વર્ચસ્વ હઠાવવા અમેરિકાએ જ બનાવ્યું હતું. એ જ તાલિબાનો એમના જ દુશ્મન બન્યા. આ રીતે આતંકવાદનું પોષણ કોણ કરે છે ?

૦ ઝાલીમ સદ્દામ પાસે અણુશસ્ત્રો છે, તે બતાવતો નથી. આ પ્રકારનું બહાનું બનાવી ત્યાંના ૨૦ લાખ લોકોને મોતને ઘાટ ઊતારનાર અમેરિકા બગલા ભગત જેવી વાતો કેમ કરે છે ? આ રીતે મધ્યપૂર્વના દેશોની તેલ-ગેસ જેવી સંપત્તિને અમેરિકા લૂંટે છે.

૦ ઈઝરાઇલ અમેરિકાનું હરામનું સંતાન છે. તેને બચાવવા મધ્યપૂર્વના પિઠ્ઠુ, સ્વાર્થી, વાસનાઅંધ, શાહો, શેખો અને સુલતાનોને ઉલ્લુ-મુર્ખ બનાવીને ઈઝરાઇલને તમામ પ્રકારની મદદ કરે છે. ફલસ્તીન અને લબનાનના ગરીબ મઝલૂમ અરબોને ગુલામી જેવી દશામાં રાખેલા છે.

૦ ઈઝરાઇલે બયતુલ મુકદ્દસમાંથી હઠવું જ પડશે. અમે વિશ્વના નકશામાંથી ઈઝરાઈલનું નામ જ મિટાવી દઈશું. ઈન્શાઅલ્લાહ

*- ઈરાની રાષ્ટ્ર પ્રમુખ અહમદી નઝાદ*

૦ ઈરાનનો મામલો જ અલગ છે. ત્યાં પેટભરૂ મુલ્લાંઓ કે મુનાફિક - દંભી મોલ્વીઓને કોઈ સ્થાન નથી. ત્યાંની પ્રજા જાગૃત છે. ત્યાં અમેરિકાને વહાલા બનવાની હોડમાં ઊતરેલા લેખકોને પણ કોઈ જ સ્થાન નથી. ત્યાં લોકો ધર્માંધ નથી, પરંતુ ઈસ્લામ ઉપર સમજીને અમલ કરનારા છે.

૦ ઈમામ ખોમેનીની નેતાગીરી હેઠળ પોતાના સર્વસ્વને કુરબાન કરી દેનારા આધ્યાત્મિક આલિમોએ (રૂહાની પેશ્વાઓએ) જનતાને જાગૃત કરીને ત્યાંના સમાજની કાયા જ પલટી નાખી છે. તેના ફળસ્વરૂપે ઘેર ઘેર અહમદી નઝાદ અને શૂરવીરો ઉત્પન્ન થઈ ગયા છે. તેઓ જરૂર પડતાની સાથે જ પોતે જ કફન પહેરીને શહીદ થઈ જવા થનગને છે. આ હકીકત ઇરાન પરના અમેરિકા પ્રેરિત -ઝાલીમ સદ્દામ દ્વારા કરાયેલા આક્રમણવાળા આઠ વર્ષો ચાલેલી જંગમાં દેખાઈ આવી છે.।

## પ્રકરણ-૨ : જનાબ અહમદી નઝાદ

## મરહબા, મર્દે કલન્દર મરહબા.

જનાબ હૈદર અબ્બાસ તબાતબાઇ સાહેબ અહમદી નઝાદ સાહેબની પ્રથમ મુલાકાતનું વર્ણન કરતાં લખે છે કે સુસભ્ય અને સુસંસ્કૃત સમાજમાં જીવન જીવવા માટે નમ્રતા જરૂરી છે. નમ્રતા, આજીજી, એક એવો ગુણ છે જેના દ્વારા ઈન્સાનનો માનમોભો વધી જાય છે. ઈન્સાન કીંમતી થઈ જાય છે. ઈસ્લામી ઈન્કિલાબ પછી સમગ્ર ઈરાનની સંસ્કૃતિ બદલાઈ ગઈ. શિષ્ટાચાર બદલાઈ ગયો. રહેણીકરણી અને જીવનના બધા જ ક્ષેત્રોમાં ધડમૂળથી ફેરફારો થઈ ગયા. ત્યારે હું ઈરાની ટી.વી.માં બ્રોડકાસ્ટીંગ વિભાગમાં કામ કરતો હતો. ત્યાં એક નાની ચાની કેબીન પણ છે. તે ઈમારતમાં તે જ જઈ શકે છે જે બ્રોડકાસ્ટર હોય અથવા એવી

વ્યક્તિ જઈ શકે જેને કંઈક બોલવાનું હોય, ઈન્ટરવ્યુ વગેરે આપવાનો હોય. આવા લોકોને બ્રોડકાસ્ટીંગ બિલ્ડીંગની આ ચાની કેબીનમાં જ બેસાડવામાં આવે છે.

એક વખત હું આ કેબીનમાં ચા નો પ્યાલો લઈને દાખલ થયો. જોયું તો એક યુવાન મારી અગાઉ ત્યાં આવીને બેઠો છે. હું તેની રજા લઈ તેની સામે જ ટેબલ ઉપર બેસી ગયો. મેં તે યુવાનને ચા પીવા માટે આગ્રહ કર્યો. તો તેણે ઘણી જ નમ્રતા સાથે ઈન્કાર કર્યો. પરંતુ મેં ફરીને વધારે આગ્રહ કર્યો કે ચા મંગાવું જ. આપ પીઓ. ત્યારે તે યુવાને જણાવ્યું : મારે રોઝો છે. મેં કહ્યું : હજી તો માહે રજબ છે. કહ્યું કે હું ત્રણ મહિનાના રોઝા રાખું છું. મેં પુછ્યું : શું આપ “પાસદારાન” છો ?

જણાવ્યું : હું એન્જિનિયરીંગમાં PHD કરી રહ્યો છું. અને પાસદારાનોની સાથે ક્લાસ લઉં છું. (તેમને તાલીમ આપું છું.) તેથી આ પોશાક પહેર્યા છે. મેં પુછ્યું : અહીં શા માટે આવ્યા છો ? જણાવ્યું : મારી બે કિતાબો ઉચ્ચ અભ્યાસક્રમમાં સામેલ છે, તે અંગે ઈન્ટરવ્યુ આપવા આવ્યો છું.

આ ચાર વર્ષ અગાઉની જનાબ અહમદી નઝાદ સાથેની મારી પ્રથમ મુલાકાત હતી. આ મર્દે કલન્દર પોતાની વાતચીતમાં યુવાનીકાળમાં કેટલા મઝહબી અને નમ્ર હતા. તેનો ખ્યાલ ઉપરોક્ત વાતચીત ઉપરથી આવે છે.

**આ મર્દે કલન્દર સાથેની મારી બીજી મુલાકાત :**

તેહરાનમાં યવમે કુદ્સ મનાવાઈ રહ્યો હતો. લખનવથી મૌલાના મુઝફ્ફરહુસૈન તાહિર ઝરવલી સાહેબ તશરીફ લાવ્યા હતા. હું તે

પોગ્રામમાં હાજર હતો. જનાબ અહમદી નઝાદ ઘણી જ જોશીલી તકરીર કરી રહ્યા હતા. કહેતા હતા...

ઈઝરાઈલનું અસ્તિત્વ જ ખોટું છે .... વગેરે વગેરે તકરીર પૂર્ણ થયા પછી હું આપને ફરીથી મળ્યો. તરત જ મને ઓળખી લીધો. પહેલી મુલાકાત ટેલિવિઝન બ્રોડકાસ્ટીંગ હોલની તાજી થઈ. પછી તો હું લંડન ચાલી ગયો.

જ્યારે આપ ઈરાનના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે મારા હ્રદયમાંથી ઉદ્ગાર નીકળ્યા. અલ્લાહ રહેમ કરે. આ યુવાન ઘણો જ હોનહાર, બુદ્ધિશાળી અને બાહોશ છે.

જનાબ હૈદર તબાતબાઈ સાહેબ વર્ણવે છે કે લંડનમાં જુદાં જુદાં ટી.વી. સ્ટેશનોની મુલાકાત કરવાનો લાભ મને મળતો રહે છે. આ મર્દે કલન્દરને મેં અમેરિકાની પ્રખ્યાત કોલમ્બીયા

યુનિવર્સીટીમાં લેક્ચર આપતાં સાંભળ્યા ત્યારે મને જરાય આશ્ચર્ય ન થયું.

આપ યુનોના એક પ્રોગ્રામમાં હાજરી આપવા ઈરાનના રાષ્ટ્રપતિ તરીકે ન્યુયોર્ક આવ્યા હતા. યુનોના આ પ્રોગ્રામમાં આપે એક ભવ્ય દબદબાભર્યું અને તમામ વિશ્વના નેતાઓને ઈસ્લામનું આમંત્રણ આપતું ઘણું જ અસરકારક લેક્ચર આપ્યું હતું. ત્યારબાદ ન્યુયોર્કના રોકાણ દરમ્યાન આપનો અમેરિકાની પ્રખ્યાત કોલમ્બીયા યુનિવર્સીટીની મુલાકાતનો પ્રોગ્રામ ગોઠવાયો હતો. આ પ્રોગ્રામનું જીવંત પ્રસારણ જોવાનો મોકો મને લંડનના ટી.વી. સેન્ટર હોલમાં મળ્યો.

મેં આ મર્દે કલન્દરને અમેરિકાની આ પ્રખ્યાત યુનિવર્સીટીના વિશાળ હોલમાં દાઈ એલલ્લાહની જેમ ઈસ્લામી સંસ્કૃતિ અને સભ્યતાના

વિષયમાં જોશીલી તકરીર કરતા સાંભળ્યા. અંબિયાઓના વારિસ એવા ઈસ્લામના આ સપૂતે ઈતિહાસના એક ભવિષ્યને એવું ધ્રુજાવી દીધું કે વિશ્વને અખ્લાકનો સબક આપવાનો દાવો કરનારાઓને પોતાનું જ થુંકેલું ચાટવું પડ્યું.

કોલમ્બીયા યુનિવર્સીટીના યહુદી કુલપતિએ પોતાની એનાઉન્સર તરીકેની જાહેરાતમાં આ સાબિત કરી દીધું કે તેમને ઈરાનથી નફરત નથી બલકે દીને મુબીને ઈસ્લામની સાથે નફરત છે. તેઓ આ મર્દે કલન્દરની ઓળખ આપવા માટે ઊભા થયા, પરંતુ ઈસ્લામની અદાવતમાં જાતજાતનો બકવાસ કરી બેઠા, ઠઠ્ઠા મશ્કરીના રૂપમાં પોતાની ગંદી જીભથી કીનોકપટના એવા તીરો છોડવા લાગ્યા જાણે મોંમાથી આગ ઓક્તા હોય.

આ મર્દે કલન્દર, બહાદુર પુરુષ, ઠરેલ રાજનીતિજ્ઞ, ઈસ્લામનો દાઈ તો પોતાની મજાકો થતી સાંભળી સબ્ર અને તહમ્મુલ સાથે બેઠા બેઠા મરક મરક હસતો હતો. જેવી કે એક વિજેતાની શાન હોય છે.

આ મર્દે કલન્દરની ઓળખ આપતાં અમેરિકાની પ્રખ્યાત કોલમ્બીયા યુનિવર્સીટીના કુલપતિએ કીધું :

“આ એક મુસલમાન દેશના રાષ્ટ્રપતિ છે પરંતુ ઈસ્લામી હકોના ઉલંઘનમાં વિશ્વભરમાં બધાથી આગળ છે, વળી એમનામાં તે બધી જ ખામીઓ મોજુદ છે. જે કોઈ સરમુખ્તયારમાં હોય છે. આપ તે જ વ્યક્તિ છે જે હોલોકાસ્ટને જુઠ ગણાવે છે. જો કે હોલોકાસ્ટ વિશ્વ ઈતિહાસનું એક મોટામાં મોટું સત્ય છે. ઇઝરાઈલને પણ આ વ્યક્તિ

જમીન પરના નકશા પરથી મિટાવી દેવા ઈચ્છે છે...

આવી તો કંઈ કેટલીય ગંદી, બેવકુફીભરી અને ઈસ્લામની દુશ્મની જાહેર કરતી વાતોનો બકવાસ કરીને જ્યારે આ મિઝબાન બેઠો ત્યારે જનાબ અહમદી નઝાદ એકદમ હસતા ચેહરે, મુસ્કુરાતા, મુસ્કુરાતા, દોડતા માઈક ઉપર આવ્યા, ઘણી જ શાંતિથી, ધીમા અને મધુર અવાજે આપ જે કંઈ બોલ્યા તો તેનાથી આ યહુદી કુલપતિ બળીને ભસ્મ થઈ ગયો.

ભાઈઓ, અમારા ઈસ્લામની રિવાયતો તો આ છે કે આપણે કોઈને મહેમાન બોલાવીએ તો તેનો એહતેરામ અને ઈઝ્ઝત કરવી જોઈએ. મને તમારી આ યુનિવર્સીટીમાં આપ લોકોેએ મહેમાનની હૈસિયતથી આમંત્રણ આપ્યું છે. જેથી

મારી ઓળખ આ રીતે કરાવવું કોઈ પણ રીતે યોગ્ય ન ગણાય. આ તો એક તાલીમી સંસ્થા છે. ઈલ્મનું ઘર છે. કોલેજ છે. હું તો અહીં આ હેતુથી આવ્યો હતો કે શિક્ષણને લગતી કેટલીક ઈન્ફોર્મેશન-માહિતી આપ લોકોથી સાંભળું, વળી કેટલીક શિક્ષણને લગતી વાતો હું પણ આપ લોકોને સંભળાવું.

હું તો આમ કહેવા આવ્યો હતો કે વિજ્ઞાન કુદરતની એક અનમોલ ભેટ છે. નેઅમત છે. જેથી તેનો ઉપયોગ આધુનિક પદ્ધતિ અપનાવીને એવી રીતે કરવામાં આવે કે વિશ્વમાં અમન અને સલામતી સ્થાપિત થાય, ન કે બીજા વખત હિરોશીમાં અને નાગાસાકી જનમ લે, અને વિશ્વમાં માનવોનું લોહી વહી જાય. તમે જોઈ રહ્યા છો, બલકે સમગ્ર વિશ્વ જોઈ રહ્યું છે, મને બતાવો કે

વિજ્ઞાન એટમ બોમ્બ અને અણુબોમ્બ વગેરેના હથિયારોના બહાને ઈન્સાનિયતની બરબાદીનો સામાન ફક્ત અમેરિકા અથવા યુરોપવાળા જ કરી રહ્યા છે. આ લોકોએ દરેક વસ્તુ ઉપર પોતાનો ઈજારો (ગેરકાયદે કબજો) કાયમ કર્યા છે. જેથી જરૂરત પડ્યે તેનો ઉપયોગ જાનવરપણાની જેમ અન્યોને મારી નાખવા માટે કરવામાં આવે. હવે અમે જ્યારે અમારા રક્ષણ માટે કંઈક કરીએ છીએ તો આતંકવાદીઓ અને મુસ્લિમ ત્રાસવાદીઓમાં ખપીએ છીએ. જો હોલોકાસ્ટ અગર (હિટલરે સામૂહિક રીતે યહુદીઓની હત્યા કરી હતી જે ફક્ત ૨૦-૨૫ હજાર જેટલી હોઈ શકે, આ લોકો યહુદીઓ આ સંખ્યાને ૬૦ લાખ બતાવીને વિશ્વમાં જાતે જ જુઠ્ઠા મઝલુમ બની બેઠા છે.) કોઈ સત્ય ઘટના છે તો આ વિષય ઉપર આઝાદ રીતે તેહકીક કેમ

કરવામાં આવતી નથી ? નિષ્પક્ષ રીતે તેહકીક કરો, આ કંઈ બહુ દૂરના સમયની કે હજારો વર્ષ પહેલાની વાત નથી. ઓગણીસમી સદીના મધ્યની તો વાત છે. સત્ય સામે આવી જશે. આ બધી જ ઘટનાઓ ૧૯૩૦ થી ૧૯૪૦ દરમ્યાનની છે. માંડ ૭૦ વર્ષ જેટલા સમયની. કોઈ જુની વાત નથી. અત્યારે આ બાબત કોઈને પણ તેહકીક કરવાની છૂટ કેમ નથી આપવામાં આવતી. તેહકીક અને શોધખોળ ઉપર પાબંદી શા માટે ? તમે એક સ્વતંત્ર કમિશન કેમ નથી બેસાડી દેતા, જેથી સત્ય સામે આવી જાય. સત્ય વાત તો આ છે કે આ વાતમાં કોઈ દમ જ નથી. સદંતર જુઠ છે.

જો હોલોકાસ્ટ થયો પણ છે તો આ યહુદીઓ ઉપર ઈસાઈઓનો ઝુલમ હતો. તમે ઈસાઈઓને ઝાલીમ જાહેર કરો અને બદલો લો.

તમે બેગુનાહ માસુમ ફલસ્તીનીઓનું લોહી શા માટે વહાવો છો ? આ ઘટનાઓ તો યુરોપમાં બની છે. આ ઘટનાઓનો અરબો સાથે શું સંબંધ છે ? છે કોઈ જવાબ તમારી પાસે ?

તમે લોકો હંમેશા હોલોકાસ્ટની તેહકીક કરવાથી દૂર ભાગો છો, કારણ કે તમે લોકો જુઠ્ઠા અને મક્કાર છો. પછી અમેરિકા જેવું રાષ્ટ્ર હોય કે યુરોપ હોય, ઇસરાઈલ હોય બધા જ કોઈપણ પ્રકારના ઐતિહાસિક અને ઈલ્મી વાદવિવાદ માટે તૈયાર નથી. કારણ કે બધા જ જુઠ્ઠા છે. જો આપ લોકો આજે પણ દુનિયાથી રદ થઈ શકે તેવી હકીકતોને સમજો. હઝરત મોહંમદ મુસ્તફા (સલ.)ને સમજો, આપ (સલ.)ના જીવનનો અભ્યાસ કરો. આપની જિંદગી ઉપર તેહકીક કરો, તો તમે જાતે જ ઈરાકથી અને ઈસરાઈલથી પણ પાછા આવી જશો,

બહાર નીકળી જશો અને હોલોકાસ્ટ ઉપર ઈસાઈઓનો અહેવાલ પણ જણાવશો.

આ રીતે અમેરિકા જઈને તેમના પાટનગરમાં તેમની જ યુનિવર્સીટીના હોલમાં આટલા માથા ફરેલ અને પોતાના વિશ્વશક્તિ માનતા દેશથી ડર્યા વગર, પ્રભાવિત થયા વગર આ સફેદ પોશાકમાં ડાકુઓ જેવી સીફત ધરાવનાર, ઉજળા દેખાતા પરંતુ ખતરનાક આતંકવાદીઓને લલકાર્યા. તેમના મોઢામોઢ તેઓની પોલો ખોલી નાખી. વિશ્વની કહેવાતી મહાસત્તાના પાટનગરમાં તેમની ઈઝ્ઝતના કાંકરા કરી નાખી તેમને સત્યની દઅ્વત આપી. તેમના ઘમંડને રગદોળી નાખીને ઈસ્લામનો અભ્યાસ કરવાનું સ્પષ્ટ ભાષામાં સૂચન કર્યું.

મરહબા અય મર્દે કલન્દર મરહબા.

(રોઝનામા આગ, લખનવ, ૨૩ ઓક્ટોબર, ૨૦૦૭)

# પ્રકરણ-3 : એક સુંદર નઝમ

# “કુરબાન બર તો જાનમ”

વહાલા વાચકો,

આ કાવ્યનો મધ્યવર્તી વિચાર અથવા થોડીક સમજૂતિ સાથે આપેલ છે જેથી કાવ્યને વાંચવામાં આનંદ આવે. તેનો સાચો રસાસ્વાદ માણી શકાય. સમજુતિ હું આપી રહ્યો છું,

**કુરબાન બરતો જાનમ, અય અહમદી નઝાદમ**

**બરતો ખુદા જહાનમ અય અહમદી નઝાદમ**

કવિશ્રી અલમાસ જનાબ અહમદી નઝાદને ઉદ્દેશીને કહે છે કે અમે તમારી ઉપર કુરબાન થઈ જઈએ, અમારી જાનો તમારી ઉપર ન્યોછાવર કરી દઈએ.

**સદ મરહબા ! કિયા હે એલાને આમ તુને,**

**બેદીનોકો દિયા હે હક કા પયામ તુને**

તમને સો સો સલામ - શાબાશી - અય અહમદી નઝાદ તમે વિશ્વના બેદીનોને - માથાફરેલા ફસાદીઓને હકનો સંદેશો (પયામ) પહોંચાડ્યો છે તમે હકનું એલાન કર્યું છે.

**હાલતે ગૈર અદદકી હિંમત હુઈ હે ખસ્તહ,**

**લેહજેકી લગન ગરજ હે યા મોતકા ફરિશ્તા**

તમારી સિંહ ગર્જના જેવી હકની અવાજથી અસંખ્ય બેદીન લોકોની હિંમત તૂટી ગઈ છે અથવા એમના માટે તમારી અવાજ મોતના ફરિશ્તા જેવી છે.

**મોમીન કે સામને હે સબ હિચ માલ વ દવલત,**

**કિબ્લા દિયા હે ઈમા સબસે અઝીમ તાકત**

અલ્લાહે મોમીનને જે ઈમાનની દવલતથી નવાઝેલો છે. તેની સામે દુનિયાની માલદવલતની કોઈ જ કીંમત નથી.

**મસરૂફે મશ્વેરત હૈં શયતાન દુનિયા ભરકે,**
**ખાતે હૈં રાત-દિન જો ગયઝ વ ગઝબકે લુકમે**

વિશ્વભરના ઝાલીમ શયતાનો રાત-દિવસ મશ્વેરા કરવામાં વ્યસ્ત છે ? શું કરવું ? અહમદી નઝાદને કેમ કંટ્રોલમા લાવવા ? તે અંગે આ શયતાનો ગુસ્સાની આગમાં રાત-દિવસ બળાપાના લુકમા ખાતા રહે છે. યુરોપના દેશોના વડાઓ દિવસમાં બે ત્રણ મિટિંગો કરે છે. વિમાનોમાં ઉડ્યા જ કરે છે.

**સાબિત યે હુઈ હે ફિક્રો વ અમલ સે તેરે,**
**ખાઈફ નહીં હે મોમીન બાતિલકી તાકતોંસે**

અય અહમદી નઝાદ ! તારી મેહનત, કોશીશ અને બુદ્ધિપૂર્વકના વિચારો સાથે શ્રેષ્ઠ લીડરશીપ દ્વારા બાતિલને પડકારવાની શક્તિને કારણે મોમીનોની હિંમત વધી ગઈ છે. હવે તેઓ

બાતિલની - કુફ્રની - શયતાનોની શક્તિથી ખોફઝદહ નથી.

**તુજ પર તરાની ઉફ કાબુ ન પા સકા,**

**જો દાંતોસે કાટતા હે ગુસ્સેમેં ઊંગલીયોંકો**

અય મર્દે કલન્દર ! તારી ઉપર ઘમંડી ઝાલીમ કાબુ ન પામી શક્યા, જેથી આ ઘમંડીઓ ગુસ્સામાં પોતાની આંગળીઓને પોતાના દાંતો વડે કાપી રહ્યા છે.

**કિસ તરહ નિપટે ઈસ્સે કાબુમેં આયે ઈરાન,**

**સબસે અઝીમ તાકત દુનિયાકી હે પરેશાન**

અય મર્દે કલન્દર ! આ ઘમંડીઓ, ઝાલીમો આ ચિંતામાં છે કે શું કરે કે ઈરાન કાબુમાં આવે. દુનિયાની સૌથી સુપર શક્તિ એવું અમેરિકા પરેશાન છે.

**અય કાશ ! જાન લેં યે ઈરાનકે હાસિદ,**

**બસ એક સિપર હે યાવર ઝાતે ખુદાએ વાહિદ**

કદાચ ! આ ઈરાનની ઈર્ષા કરનાર, હાસિદો- હસદ કરનારા જાણી લેત કે વાહિદ ખુદાની ઝાત જ તમને બચાવનારી, તમારું ઝાલીમોથી રક્ષણ કરનારી ઢાલ છે.

**ખિરમનમેં દુશ્મનો કે એક આગ સી લગા દે,**

**સેહુનિયત કે ઘરમેં માતમકી સફ બિછા દે**

યા અલ્લાહ ! તું દુશ્મનોના જુથમાં આગ લગાવી દે, એમને તિતરબિતર કરી દે, વેરવિખેર કરી દે. સેહુનિયત એટલે યહુદીઓના ઘેર ઘેર માતમની ચાદરો બિછાવી દે.

**આઅ્દા કે દીને હક પર હયબત હુઈ હે તેરી,**

**નિંદે ઉડી હુઈ હે ઈસ્લામ દુશ્મનોં કી**

અય મર્દે કલંદર દીને હકના દુશ્મનો ઉપર તારી ધાક છવાઈ ગઈ છે. ઈસ્લામના દુશ્મનોની ઊંઘ હરામ થઈ ગઈ છે.

**અલમાસ કી દુઆ હે અઝ્મ વ ષબાત દે દે,**

**અલ્લાહ નૂહ જૈસી તુજકો હયાત દે દે**

કવિ "અલમાસ" જનાબ અહમદી નઝાદને દુઆ આપે છે કે અય અલ્લાહ ! તું એમને મઝબૂત ઈરાદાઓ આપ. હજીય વધારે હિંમત આપ, ધૈર્ય આપ તે સાથે આપને હઝરત નૂહ (અલ.) જેવી લાંબી ઉમર પણ આપ.

*(જનાબ અલમાસ ગાઝીયાબાદી)*

**ઈસ્લાહ હુસૈની જંતરી - ૨૦૦૮ના સૌજન્યથી**

મર્દે કલન્દર જનાબ અહમદી નઝાદનો પત્ર જે જ્યોર્જ ડબ્લ્યુ બુશના નામે લખાયો છે. આ પત્રમાં ઈલ્મ પણ છે. રૂહાનિયત પણ છે. એવું રાજકારણ જેનો કુર્આન હુકમ આપે છે, તેવું રાજકારણ પણ છે. આ પત્રમાં અંબિયાના તરીકાથી વિશ્વનાં સૌથી શક્તિશાળી કહેવાતા નેતાને

ઈસ્લામનું આમંત્રણ પણ છે. વળી આ રીતે તમામ વિશ્વનેતાઓને અને તમામ વિશ્વની તમામ પ્રજાઓને પણ આડકતરી રીતે ઈસ્લામની દઅ્વત છે. વાચકોના રસાસ્વાદ માટે અત્રે પ્રસ્તુત છે.

# પ્રકરણ-૪ : અમેરિકાના પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશ ઉપર ઈરાનના પ્રમુખ મહમૂદ અહમદી નઝાદનો પત્ર

**બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ**

**જનાબ મોહતરમ પ્રમુખ શ્રી : જ્યોર્જ ડબલ્યુ બુશ, અમેરિકા.**

છેલ્લા કેટલાય સમયથી હું આ ચિંતામાં હતો કે ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ ઉપર એવો વિરોધાભાસ દૃષ્ટિમાન થાય છે જેનો ઈન્કાર થઈ શકે નહિ. આ વિષય ઉપર રાજકીય ગરમાગરમી અને વિવાદો પણ ચાલુ છે. રાજકારણીઓ મોટાભાગે આ બાબત પોેતાના વિચારો રજૂ કરતા રહે છે. મને સમજાતું નથી કે આ બાબતની સ્પષ્ટતા કેવી રીતે કરવામાં આવે. આવા તો સેંકડો પ્રશ્નો છે, જેમના કોઈ ઉત્તરો મળી શકતા નથી. મેં વિચાર્યું

આ વિરોધ વંટોળના કેટલાક પ્રશ્નો રજૂ કરું. જેથી વિચારોની આપ-લે કરવાનો અવસર પ્રાપ્ત થાય.

શું આ શક્ય છે કે કોઈ વ્યક્તિ અલ્લાહના એક ઉચ્ચ પેગંબરનો અનુયાયી હોય, પોતાને માનવ હકોનો પાબંદ અને રક્ષક પણ માનતો હોય.

કચડાયેલા, પછાત વર્ગોની હિમાયત કરવાને પોતાનો આદર્શ માનતો હોય. તેમના ઉધ્ધાર માટેના નારા લગાવતો હોય.

અણુશસ્ત્રોના ફેલાવાનો વિરોધ કરતો હોય, ત્રાસવાદનો વિરોધ જે એલાને જંગ કરતો હોય.

બલકે વિશ્વસ્તરે માનવ સમાજની રચના ઈચ્છતો હોય. જે વિશ્વ માનવ બંધુત્વને પોતાનો ધ્યેય માનતો હોય. જે વ્યક્તિ એવી સમાજરચના ઈચ્છતો હોય જેમાં હઝરત ઈસા (અલ.)ના નામથી નેક અને સાલેહ લોકો સત્તા સંભાળે, હુકુમત કરે.

પરંતુ તેની સાથે સાથે બીજા દેશો ઉપર હુમલા કરે, લોકોની જાન, ઈઝ્ઝત અને આબરૂની કોઈ પરવા ન કરે.

દૃષ્ટાંતરૂપે કોઈ ગામ કે શહેર અથવા કાફલામાં કેટલાક તોફાની તત્વો હોેવાના ગુમાન ઉપર તે ગામ, તે વસ્તી કે તે શહેરને બરબાદ કરી નાખે, સળગાવી દે.

અથવા ફક્ત આ શક પરથી કે ફલાણા દેશમાં અણુશસ્ત્રો છે. તે દેશ ઉપર કબજો જમાવી લે. લગભગ લાખો લોકોની કતલ કરવામાં આવે. તે દેશના કારખાના બરબાદ થઈ જાય. તે દેશના સમૂદ્રીય ભંડારો નિસ્તનાબુદ થઈ જાય. ત્યાંની ખેતીવાડી અને બગીચા બરબાદ થઈ જાય. કલાકારીગીરી અને ઉદ્યોગો તબાહ- બરબાદ થઈ

જાય. વળી બે લાખનું સૈન્ય તે દેશમાં ચોકી પહેરા માટે રોકવામાં આવે.

સામાન્ય જનસાધારણના ઘરોની ઈઝ્ઝત લૂંટવામાં આવે. તે દેશને પચાસ વરસ જેટલો પાછળ ધકેલી દેવામાં આવે. તે પણ શું કિંમત ખર્ચીને ?

એક દેશ અને બીજા કેટલાક દેશોના ખજાનાઓમાંથી કરોડો ડોલર ખર્ચ કરીને ! હજારો જવાનોના લશ્કરને ફોજના રૂપમાં ત્યાં મોકલીને ! તે લશ્કરી જવાનોની જાન પણ ખતરામાં મૂકીને - તેમને તેમના વતનથી હજારો કિલોમીટર દૂર બળજબરીથી મોકલીને ! આ યુવાનોના હાથો બીજાઓની કતલ કરી પોતાના હાથો નિર્દોષોના લોહીથી રંગે એટલા માટે ?

આ યુવાનોને હજારો કિલોમીટર દૂર પોતાનો કુટુંબ કબીલો છોડીને મોકલવાથી તેમના માનસ ઉપર એટલી ખરાબ અસર પડે છે કે તેઓ ગાંડા થઈ જાય છે. માનસિક અને શારીરિક રીતે એટલા કમજોર થઈ જાય છે કે તેમણે દવા ખાવી પડે છે. માનસિક દબાવને કારણે આ લશ્કરી યુવાનો આપઘાત કરે છે. આ યુવાનોને પ્રતિકૂળ વાતાવરણમાં એવી બીમારીઓનો સામનો કરવો પડે છે કે તેઓ મૃત્યુ પામે છે. ત્યારે તેમના જનાઝાઓ તેમના ઘરવાળાઓના હવાલે કરી દેવાય છે.

વિનાશક હથિયારોના બહાને કબજે કરેલા અને કબજો કરનારા બંને દેશોની પ્રજાઓને આવા ભયંકર બનાવોના શિકાર થવું પડે છે. વિનાશ

સર્જાઈ ગયા પછી ખબર પડે છે કે કબજો કરેલા દેશમાં કોઈ વિનાશક હથિયારો નથી.

અલબત્ત સદ્દામ એક અત્યાચારી શાસક હતો. સરમુખ્તયાર હતો. પરંતુ તેની સાથે યુદ્ધ કરવાનું કારણ તેને હઠાવવો એવું ન હતું. બલ્કે તેની પાસે છુપાવેલાં વિનાશક શસ્ત્રોનો નાશ કરવો એવું બતાવવામાં આવ્યું હતું. આ જરૂર બન્યું કે સદ્દામ તો હટી ગયો. આસપાસના મઝલૂમોએ તેના પર ખુશી પણ વ્યક્ત કરી. જ્યારે કે ઈરાન ઉપર આઠ આઠ વર્ષની સદ્દામની આક્રમણખોર જંગ વખતે સમગ્ર યુરોપ સદ્દામની પડખે હતું. આ કંઈ બહુ જુની વાત નથી. યુરોપના બધા જ દેશો સદ્દામના મદદગાર હતા.

**જનાબ પ્રમુખશ્રી :**

કદાચ આપને ખબર હોય પણ ખરી કે હું એક શિક્ષક છું. મારા વિદ્યાર્થીઓ મને પૂછી રહ્યા છે કે આ તમામ હુમલાઓ, આ માનવ મૂલ્યોનો હ્રાસ, આ નિર્દોષોનું વહેતું લોહી, આ માસુમ બાળકોની ચિચિયારીઓ, આ સ્ત્રીઓનું આંક્રદ, જેનું વર્ણન હું ઉપર કરી ચૂક્યો છું. શું આપની અમનપસંદ નીતિ, માનવકલ્યાણની વાતો, ઈન્સાનના બુનિયાદી હકોની સાથે મેળ ખાય છે ખરો ? આપ કહો છો કે અમે તો વિશ્વમાં માનવહકોનું રક્ષણ અને લોકશાહી જીવનપદ્ધતિની સ્થાપના ઈચ્છીએ છીએ. શું હઝરત ઈસા મસીહ (અલ.) પેગંબરે ખુદાના દીનની પેરવી- તાબેદારી - અનુસરણ આનું નામ છે ? શું દીને ઈસા (અલ.) સાથે ઉપરોક્ત વાતો મેળ ખાય છે ખરી !

ગુવાટાંનામુમાં કેટલાક ગુનેગારો કેદમાં છે. જેઓને કોર્ટમાં રજુ કરવામાં આવતા નથી. તેઓ વકીલ રોકી શકતા નથી. પોતાનો બચાવ પણ કરી શકતા નથી. કોઈ એમની મુલાકાત પણ કરી શકતું નથી. તેમનાં કુટુંબીજનો પણ તેમને મળી શકતાં નથી. તેઓને દેશની બહાર રાખવામાં આવે છે. માલુમ નથી કે આ કાચા કામના કેદી છે કે ગુનેહગાર. માનવહકોના રક્ષણહાર કોઈ આંતરરાષ્ટ્રીય સંગઠનને પણ મળવા દેવામાં આવતું નથી.

માનવ હકોના રક્ષણનો - વિશ્વમાં લોકશાહી સ્થાપવાનો આ દાવો કેટલો ગલત છે ? તમામ યુરોપીય નિરીક્ષકોએ કબૂલ કર્યું છે કે યુરોપમાં પણ આવી છૂપી જેલો છે. હું નથી જાણતો કે વિશ્વની કોઈપણ પદ્ધતિની સરકારમાં ન્યાયતંત્રનો આ રીતે

લોકોને ઉપાડી જઈને ગુપ્ત જેલોમાં ધકેલી દેવાનો કાનૂન હોય, જેવો કે યુરોપમાં હું જોઈ રહ્યો છું. આવા ભયંકર અત્યાચારો શું હઝરત ઈસા (અલ.)ના દીનમાં છે ? તે પણ માનવહકોના તારણહાર બનીને ! કચડાયેલા - ગરીબ અને પછાત ઈન્સાનોની ભલાઈના મસીહા બનીને ! વિશ્વમાં લોકશાહીની સ્થાપનાના દાવેદાર બનીને !

આજથી ૬૦ વર્ષો અગાઉ વિશ્વમાં ઇઝરાએલ જેવા કોઈ દેશનું અસ્તિત્વ ન હતું. આ દેશને કોણે પેદા કર્યા ? પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધનો અભ્યાસ કરો. બીજું વિશ્વ યુદ્ધ જેમાં લગભગ ૧૦૦ લાખ લોકો માર્યા ગયા. દરેક દેશ પોતાની જીતનો દાવો કરતો હતો. જંગના ખતમ ઉપર એલાન કરવામાં આવ્યું કે ૬૦ લાખ

યહુદીઓની કતલ થઈ છે. જેમના બે લાખ કુટુંબો હતાં.

બીજા વિશ્વ યુદ્ધમાં આ યહુદીઓની કતલ કોણે કરી હતી ? બીજા વિશ્વયુદ્ધના જવાબદાર કોણ લોકો હતા ? શું આ બાબત ન્યાયસંગત હતી કે ઈઝરાઈલ નામનો એક નવો દેશ મધ્યપૂર્વમાં વસાવી દેવામાં આવે ? તેની બધી જ રીતે મદદ અને હિમાયત કરવામાં આવે ? આ સમગ્ર ઘટનાનું ન્યાયસંગત વિશ્લેષણ કેવી રીતે કરશો ?

**જનાબ સદર - પ્રમુખશ્રી :**

આપ બખૂબી જાણો છો કે ઈઝરાઈલ બનાવવા પાછળ શું ખર્ચ થયો. તેના પરિણામો શું આવ્યાં. આજ સુધીમાં હજારો ઈન્સાનોની નાહક કતલ થઈ ચૂકી છે. લાખો વ્યક્તિઓ બેઘર બની ચૂકી છે, લાખો હેક્ટર જમીનના ઝયતુનના બાગો

અને ખેતીવાડીની જમીન બરબાદ થઈ ચૂકી છે. શહેરો વેરાન થઈ ગયા અને ત્યાંની આબાદી ખતમ થઈ ગઈ.

ઉપરોક્ત ભયંકર દુર્ઘટનાઓ ફક્ત ઈઝરાઈલની સ્થાપના વખતે જ નથી બની, બલકે અફસોસ સાથે કહેવું પડે છે કે આજે પણ ચાલુ છે. તમે એવી હુકુમત બનાવી જે બાળકો ઉપર પણ રહેમ નથી કરતી. લોકોના ઘરો તોડી નાખે છે. તેમના મહત્ત્વના લોકોને કતલ કરી નાખવાનું અગાઉથી એલાન કરે છે ? આજે હજારો ફલસ્તીનીઓ કેદમાં છે. બેગુનાહ લોકો કેદમાં છે. આ સદીમાં આ પ્રકારની ઘટનાઓનું દૃષ્ટાંત ન મળી શકે.

લોકો પ્રશ્ન કરે છે કે શા માટે ઈઝરાઈલની મદદ કરવામાં આવે છે ? આ ઝાલીમ દેશ

ઈઝરાઈલની મદદ કયા દીનના આધાર ઉપર કરવામાં આવે છે ? ક્યા નબીના શિક્ષણ ઉપર અમલ કરવામાં આવે છે ? શું આ પ્રકારનું શિક્ષણ હઝરત ઈસા (અલ.)નું છે ? કે હઝરત મુસા (અલ.)નું ? કઈ લોકશાહી કે કયા સમાજવાદના સિદ્ધાંતોનો અમલ ઈઝરાઈલમાં થઈ રહ્યો છે ? ત્યાં માનવહકોના રક્ષણનો સિદ્ધાંત ક્યાં ચાલી ગયો ?

ફલસ્તીનીઓની સંપૂર્ણ જમીન તેમને સોંપી દેવાની, પછી ભલે તેઓ મુસલમાન હોય, ઈસાઈ હોય કે યહુદી હોય. ત્યાં લોકશાહીના સિદ્ધાંતોની સ્થાપના કરવી શું નબીઓની તાલીમાતની વિરુદ્ધ છે ? જો આ બાબત લાભાલાભ નથી, કોઈ કોમ પ્રત્યેની ધૃણા કે નફરત નથી, તો શા માટે ઈઝરાઈલને સીરીયા, ફલસ્તીન અને લબનાનની કબજે કરેલી જમીનોને ખાલી કરવાનો હુકમ નથી

આપવામાં આવતો ? શા માટે રેફરેન્ડમનો વિરોધ કરવામાં આવે છે ?

**મોહતરમ પ્રમુખશ્રી** :

અત્યારની ફલસ્તીની ગવર્નમેન્ટ ત્યાંની સામાન્ય જનસાધારણની ચુંટણી પછી અસ્તિત્વમાં આવી છે. આ ચુંટણીને યુરોપીય દેશોના બધા જ ચુંટણી નિરીક્ષકોએ એકી અવાજે ચોખ્ખી અને ઢાંઢલી રહિત ગણાવી હતી. આ સરકારને શુદ્ધ લોકશાહી સરકાર તરીકેની માન્યતા આપી હતી. છતાંય આ બધી વાતોને જાણી-અજાણી કરીને આ ગવર્નમેન્ટ ઉપર દબાવ નાખવામાં આવી રહ્યો છે કે તે ઈઝરાઈલને માન્યતા આપે. તેનો વિરોધ ન કરે. સાથે પાછળની બિન-લોકશાહી સરકારના પ્રોગ્રામને આગળ વધારે.

જો અત્યારની ફલસ્તીનની લોકશાહી સરકાર આ પ્રકારનું એલાન ચૂંટણી અગાઉ કરત તો શું ફલસ્તીની પ્રજા એને ચુંટી લાવત ખરી ? ફલસ્તીની લોકશાહી સરકાર સાથેનો આ પ્રકારનો વ્યવહાર કયા દીન સાથે મેળ ખાય છે ? હઝરત ઈસા મસીહના દીન સાથે ? કે હઝરત મુસા (અલ.)ના દીન સાથે ? લોકો આ પણ પૂછી રહ્યા છે કે યુનોમાં ઈસરાઈલના વિરુદ્ધમાં જે કોઈ પ્રસ્તાવ પાસ થઈ જાય છે તેને વીટો દ્વારા શા માટે ઉડાડી દેવામાં આવે છે ?

**જનાબ પ્રમુખશ્રી:**

આપ જાણો છો કે હું લોકોની વચમાં રહું છું. હંમેશા લોકોની સાથે રહું છું. મધ્યપૂર્વના ઘણાં-બધા દેશોનો અમારી સાથે સંબંધ છે. આ પ્રકારના યુરોપીય દેશોના વલણથી લોકો બેઝાર છે. નફરત

કરે છે. આ પ્રકારનું વલણ - આ પ્રકારની સિયાસત કેવી રીતે ન્યાય સંગત છે ? કેટલી યોગ્ય છે ? આવા પ્રકારની આપ લોકોની સિયાસતથી લોકો કંટાળી ગયા છે. તંગ આવી ગયા છે.

મારો ઈરાદો ઘણાં-બધા પ્રશ્નો કરવાનો નથી. છતાં પણ કેટલાક જરૂરી પોઈન્ટસ તરફ આપને ઈશારો કરવો પડે છે. આપનું ધ્યાન દોરવું છે.

મધ્યપૂર્વના દેશોમાં ઈલ્મી તેહકીકાત - શોધખોળ માટે જો કોઈપણ યોજના તૈયાર કરવામાં આવે તો ઈઝરાઈલ માટે તેને ખતરો - ભય સમજવામાં આવે છે. શા માટે ? શું ઈલ્મી શોધખોળ કરવી આ કોમોનો બુનિયાદી હક નથી ? શું અરબ દેશો સિવાયના દુનિયાના કોઈ ખૂણામાં ઈલ્મી શોધખોળને ગુનો સમજવામાં આવે છે ? શું આ

ઈલ્મનો લશ્કરી હેતુસર ઉપયોગ કરવાનો કોઈ ગુનો બને છે ? તો પછી બીજા કોઈપણ પ્રકારના જ્ઞાનનો વિરોધ કરવો જોઈએ. ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટીક્સ, ડૉક્ટરી કે એન્જિનિયરીંગ પ્રકારના જ્ઞાનની પણ મુખાલેફત થવી જોઈએ.

ઈરાકમાં ઝઘડામાં ચોખ્ખું અસત્ય બોલવામાં આવ્યું. તેનું પરિણામ શું આવ્યું ? આ બાબતમાં કોઈ શક નથી કે દરેક ઈન્સાની સમાજમાં બુરી વસ્તુ છે. આપ પણ આ વાતને પસંદ નહીં કરો કે આપની સમક્ષ કોઈ જુઠ બોલે. ઈરાકમાં વિનાશક શસ્ત્રો છે. એવો જુઠ્ઠો પ્રોપેગેન્ડા વિશ્વ સમક્ષ ઊભો કરીને તેના ઉપર આક્રમણ કરવામાં આવ્યું.

**જનાબ પ્રમુખશ્રી** :

શું લેટિન અમેરિકાના દેશોના રહેવાસીઓને આ હક છે કે તેઓ આપને પૂછે : કે શા માટે તેમણે

લોકશાહી ઢબે ચૂંટી કાઢેલી હુકુમતોનો વિરોધ કરવામાં આવે છે ? શા માટે ત્યાંના બળવાખોરોની અમેરિકા મદદ કરે છે ? તેમના માથા ઉપર ખોફ અને ભયના વાદળો શા માટે ઘેરાયેલાં રહે છે ? બલકે આપના દ્વારા ત્યાં બગાવતો અને ઉશ્કેરણી કરવામાં આવે છે.

આફ્રિકા ખંડના દેશો ભૌતિક સંપત્તિ ધરાવે છે. પોતાની જરૂરીયાત માટે સ્વનિર્ભર છે. છતાં પણ ત્યાં ભૂખમરો અને ગરીબાઈ માટે કોણ જવાબદાર છે ? તેમની ભૌતિક સંપત્તિ, સમૂદ્રિય સંપત્તિ, જંગલ સંપત્તિ વગેરેની ઉઘાડી લૂંટ કોણ કરે છે ? આફ્રિકાવાસીઓ ઉપર શું આવાં કાર્યો હઝરત ઈસા મસીહની તાલીમ અને ઈન્સાની હકોની સાથે મેળ ખાય છે ?

**મોહતરમ પ્રમુખશ્રી :**

ઈરાનની બહાદુર અને મોમીન કોમના પણ ઘણાંબધા પ્રશ્નો છે.

આજથી બાવન વર્ષ પહેલાં ત્યાં બળવો કરાવાયો. અત્યારની કાનૂની હુકુમતને હઠાવવાની કોશીશ કરવી, સતત ઈસ્લામી ઈન્કિલાબની દુશ્મની કરવી.

તેહરાનની અમેરિકી એલચી કચેરીને દુશ્મનોની આરામગાહ બનાવવી, આ બાબત હજારો સાબિતીઓ મોજુદ છે.

ઈરાનના વિરુદ્ધની જંગમાં સદ્દામની મદદ કરવી, બલકે સદ્દામની પાસે યુદ્ધ કરાવ્યું, અને તમામ યુરોપે મદદ પણ કરી.

ઈરાનની એરબસ ઉપર હુમલો કરીને તેને હલાક કરવું. ચારસોથી વધુ નિર્દોષ મુસાફરોને

મોતને ઘાટ ઉતારવું. એરબસ લશ્કરી જહાજ હોવાનું ખોટું બહાનું બનાવવું.

ઈરાનની કોમની અબજો-ખરબો ડૉલરની પુંજી જે તમારી બેંકોમાં ઈન્કિલાબ પહેલાં જમા હતી તેના ઉપર નાજાઈઝ કબજો કરી રાખવો. જે ઈન્સાની ઉસૂલો, માનવહકો, અને આંતરરાષ્ટ્રીય કાનૂનોનું ખુલ્લું ઉલંઘન છે.

અમારી પ્રગતિની આડે આવી, પ્રકાર - પ્રકારે અમને સતાવવાની - વિશ્વ સમાજથી અલગ રાખવાની - અમારા વેપાર રોઝગારમાં આડખીલીઓ ઊભી કરવાની આજે પચ્ચીસ પચ્ચીસ વરસ થયાં, કોશીશ કરવામાં આવી રહી છે. જેમાં તમો સરિયામ નિષ્ફળ ગયા છો. આ કયા નબીનો દીન છે ? આવા તો ઘણાં-બધા પ્રશ્નો છે.

૧૧ સપ્ટેમ્બરની ભયંકર અને દર્દનાક ઘટર્નાં જેમાં બેગુનાહ નિર્દાષોની નાહક કતલ થવી, ઘણી જ બૂરી બાબત છે. અમોએ તે જ વખતે આ ખરાબ કૃત્ય આચરનારાઓ વિરુદ્ધ નફરત જાહેર કરી હતી.

૧૧ સપ્ટેમ્બરનો આતંકવાદીઓનો અમેરિકા ઉપરનો હુમલો કોઈ નાનીસૂની વાત નથી. તમારી આટલી બધી વૈજ્ઞાનિક શોધખોળો, તમારાં છૂપાં વૈજ્ઞાનિક ઉપકરણો, તમારી જોરદાર સંરક્ષણ વ્યવસ્થા, છતાંય આટલો ભયંકર હુમલો થવો. તમે તો તમારા વિરોધીઓનો અમેરિકાની સરહદ બહાર જ શિકાર કરી નાખો છો. તો પછી આ હુમલો તમારી સી.આઈ.ડી. તમારી સંરક્ષણ વ્યવસ્થાની સાથે આતંકવાદીઓની સાંઠ-ગાંઠ મેળાપીપણા વગર શક્ય જ નથી. તમે તમારી અંદરના

માણસોને કેમ છુપાવો છો ? જેઓ મુખ્ય જવાબદાર છે. વિશ્વ પ્લેટફોર્મ ઉપર આ બાબતની ચર્ચા કેમ કરતા નથી. તમારી અંદરના માણસોને શા માટે કોર્ટમાં લાવવામાં આવતા નથી ?

દરેક હુકુમતની જવાબદારી છે કે પોતાના નાગરિકોની જાન-માલનું રક્ષણ કરે. તેઓની ઈઝ્ઝત - આબરૂની હિફાઝત કરે. આટલી ભયંકર બાબત આંખ-આડા કાન કેમ કરો છો ?

**મોહતરમ જનાબ પ્રમુખશ્રી :**

દરેક હુકુમતની ઝિમ્મેદારી છે કે પોતાની પ્રજાના દીલોને અમન અને સૂકુન પ્રાપ્ત થાય એવા કદમ ઊઠાવે. આપના દેશની પ્રજા અને તમારી આસપાસના બીજા પડોશી દેશોની પ્રજાઓ માનસિક બીમારીમાં સપડાયેલી છે. ખોફ અને ભયમાં જીવી

રહી છે. ઘણાંબધા લોકો માનસિક નબળાઈથી પીડાઈને દવા ખાઈ રહ્યા છે.

આવો જુઠ્ઠો ખોફઝહદ માહોલ તમારા ગંદા રાજકારણનો એક ભાગ છે. જે તમોએ ઊભો કરેલો છે. ૧૧ સપ્ટેમ્બરના તમારી ઉપર થયેલા આતંકવાદી હુમલાને બહાનારૂપે રજૂ કરીને તમારા સમાચાર માધ્યમો હંમેશા તમારા નાગરિકોને ભયપ્રેરીત રાખે છે. તમે આ રીતે તમારી જ પ્રજા સાથે ઘણી જ ગંદી અને મેલી રમત રમો છો. તમારો મકસદ નિર્દોષ પ્રજાઓ અને દેશો ઉપર હુમલા કરીને તેમને બરબાદ કરવાનો છે. આ બનાવટી અને જુઠ્ઠો ભય ઊભો કરીને તમે એ બહાને અન્ય પ્રજાઓ ઉપર ઝુલમ કરી શકો. તમારા નાગરિકો તમારા કરતૂતોને મંજૂરી આપે.

તમે આવાં બહાના બનાવી અફઘાનિસ્તાન ઉપર હુમલો કરવાનો માહોલ પેદા કર્યા હતો. જાણે કે અફઘાનિસ્તાનનો એકેએક વ્યક્તિ અમેરિકાના નાગરિકોને ત્યાં બેઠાં બેઠાં જ ખાઈ જવાનો હોય. જાણે કે અમેરિકાના અસ્તિત્વને ખતરો ઊભો થયો હોય. ત્યારબાદ ઈરાક ઉપર હુમલો કરવાનો માહોલ ઊભો કર્યા. જાણે કે ઈરાક પાસે એટલાં પાવરફૂલ અને વિશાળ પ્રમાણમાં વિનાશક શસ્ત્રો છે કે તેના વડે સદ્દામ ઈરાકમાં બેઠો બેઠો સમગ્ર અમેરિકાને ફૂંકી મારશે.

તમારાં યુરોપીય સમાચાર માધ્યમો આવી ગંદી અને તદ્દન નીમ્ન  પ્રકારની રાજકીય રમતો રમે છે. જનાબ પ્રમુખશ્રી ! આવા પ્રોપેગન્ડા આપની સુચનાનુસાર કરવામાં આવે છે.

પત્રકારત્વના સિદ્ધાંતો મુજબ કોઈપણ ખબરને કોઈપણ જાતના ફેરફાર વગર જેમની તેમ છાપવામાં આવે. આ બાબત બધા જ માને છે ? હું ઘણાં જ અફસોસ સાથે કેટલાંક પશ્ચિમી - યુરોપીય સમાચાર માધ્યમોની ગલતી તરફ અંગૂલીનિર્દેશ કરવા ઈચ્છું છું કે ઈરાકને તબાહ બરબાદ કરવાનું કારણ - તેની સાથે યુદ્ધ કરવાનું કારણ ઈરાકમાં છુપાયેલા વિનાશક હથિયારો જે સમગ્ર વિશ્વના માટે ખતરારૂપ છે. એમ બતાવાયું હતું. ફક્ત અમેરિકાને ડરાવવામાં આવતું ન હતું. પરંતુ સદ્દામે છુપાવેલાં હથિયારોથી જાણે સમગ્ર વિશ્વનો ખાતેમો થઈ જશે. યુરોપના સમાચાર માધ્યમો આવી ખબરો દરરોજ જુદા જુદા શબ્દપ્રયોગો કરીને છાપતા રહેતા હતા.

આ જુઠને એટલું દોહરાવવામાં આવ્યું - લગાતાર આ જુઠનું પુનરાવર્તન કરવામાં આવ્યું કે

લોકોને આ વાત યોગ્ય લાગવા માંડી કે ઈરાક ઉપર હુમલો કરવો યોગ્ય છે. શું આપે આ પ્રકારનો જે માહોલ ઊભો કર્યો હતો, તેનાથી હકીકતને છુપાવી શકાઈ ?

શું અલ્લાહની દૃષ્ટિથી પણ આ હકીકત છુપી રહી ? આપને ખબર તો હશે જ. આપના દેશમાં અમૂક પ્રાંતોમાં નાગરિકો ભૂખ અને ગરીબાઈમાં જીવન જીવે છે હજારો લોકો તમારા દેશમાં બેઘર છે. તમારી પ્રજા બેકારીનો સામનો પણ કરી રહી છે. આવું તો વિશ્વમાં ઘણી જગ્યાએ છે. તો શું આવી પરિસ્થિતિમાં બીજા દેશો ઉપર હુમલો કરવું યોગ્ય છે ?

જે કંઈ મેં લખ્યું છે તે મારો પ્રત્યક્ષ અનુભવ તથા તમારા યુરોપીય ઈલાકાના બલકે વિશ્વના લોકોનું દર્દ છે. ઈન્સાનોની પીડા છે, વ્યથા

છે. પરંતુ મારી પાયાની વાતો જેની મહદઅંશે આપ પણ હિમાયત કરશો અને મને સમર્થન આપશો. એવી આશા છે.

સત્તાધીશો સીમિત સમયગાળા માટે હોય છે. તેઓ મજબૂત અને કાયમી નથી હોતા. પરંતુ તેઓનું નામ અને વર્ણન ઈતિહાસમાં બાકી રહે છે. નજીકના કે દૂરના ભવિષ્યમાં ન્યાય તોળાશે, હુકમે ખુદા લાગૂ થશે. લોકો કહેશે અમારા જમાનામાં શું શું થયું !

આપણે લોકો માટે શાંતિ - સલામતિ અને રાહત પેદા કરી છે, કે અસલામતિ અને ભૂખમરો ! શું આપણે લોકોને ઈન્સાફ અપાવવા માગતા હતા કે કોઈ ખાસ સમૂહના સમર્થનમાં લાગેલા હતા કે બહુમતિ લોકોને ભૂખમરો અને તંગીમાં ધકેલી દઈને કોઈ ખાસ સમૂહને સુખી કરવા માટે ખુદાની

ખુશનૂદી ઉપર તેઓની ખુશનૂદીને મહત્ત્વ આપતા હતા.

શું આપણે કચડાયેલ - દલિત - પીડિત - વંચિત લોકોને તેમના હકો અપાવવાની કોશીશ કરી છે કે તેમનાથી બેધ્યાન રહ્યા છીએ ! શું આપણે આ ધરતી ઉપર વસનારા લોકોના હકોનું રક્ષણ કર્યું છે કે એમના ઉપર આક્રમણો કર્યાં છે, યા બીજી હુકુમતોના આંતરિક મામલાઓમાં ગેરકાનૂની દખલગીરી કરી છે અથવા બિહામણી જેલો બનાવીને એમાં કેટલાક લોકોને કેદ કર્યાં છે ?

શું આપણે દુનિયામાં સુલેહ - સલામતિ સ્થાપિત કરી છે કે દુનિયાને ધમકીઓ અને અસલામતિની ઊંડી ખાઈમાં ધકેલી દીધી છે.

આપણે આપણી પ્રજા સમક્ષ અને વિશ્વના તમામ લોકો સમક્ષ સાચું બોલ્યા છીએ કે સત્યોથી મોં છુપાવ્યું છે. સાથે સત્યોને ઠુકરાવ્યાં છે.

આપણે સામાન્ય જનસાધારણના મદદગાર રહ્યા છીએ કે કોઈ ખાસ મર્યાદિત ઝાલિમ માનવસમૂહના મદદગાર રહ્યા છીએ ! આપણે કોેના મદદગાર રહ્યા છીએ ?

આપણી હુકુમતમાં ન્યાય, અક્કલ, અખલાક, સુલેહ, શાંતિ, વાયદાઓ પૂરા કરવા, ન્યાયક્ષેત્ર દેશના અદના વ્યક્તિ સુધી વિસ્તૃત કરવું અને માનવસેવા જેવાં જરૂરી કાર્યો વિસ્તર્યાં છે.

આપણે ઈન્સાનની પ્રતિષ્ઠાને દૃષ્ટિ સમક્ષ રાખી છે કે હથિયારોની ભરમાર, જોર ઝુલમ ધમકી વગેરે દ્વારા કલ્યાણકારી કાર્યોથી બેધ્યાન થઈને

કોમોની પ્રગતિને રોકી છે. શું ઈન્સાની હકોની પાયમાલી કરવી આપણો ધ્યેય હતો ?

લોકો આપણને આ પણ પ્રશ્ન કરશે કે આપણે લોકોની સેવા કરવાની જે પ્રતિજ્ઞા લીધી હતી, જેમાં અંબિયાના સિદ્ધાંતોને અનુસરવાની વાત હતી. તેના પાબંદ રહ્યા હતા કે નહિ ?

વિશ્વ ક્યાં સુધી આ પરિસ્થિતિને સહન કરશે? આ વિશ્વ ક્યાં જઈ રહ્યું છે ? આ દુનિયા ક્યાં સુધી થોડા - કેટલાક સત્તાધીશોના ખોટા નિર્ણયોનો ભોગ બનતી રહેશે.

ક્યાં સુધી દુનિયાવાળાઓ ઉપર વ્યાપક બરબાદી મચાવનાર હથિયારોનો ભય બાકી રાખશો. ક્યાં સુધી ગલીકુંચીઓમાં અને રસ્તાઓ ઉપર તથા બજારોમાં સ્ત્રી-બાળકોનું લોહી

વહાવવામાં આવશે, અને તેમના ઘરોને જમીનદોસ્ત કરવામાં આવશે.

શું આપ જનાબ દુનિયાની આ પરિસ્થિતિથી રાજી છો ? ખુશ છો ?

શું આપ એમ સમજો છો કે ગંદા રાજકારણની આ નીતિરીતિ આ જ રીતે આગળ વધતી રહેશે ? સંરક્ષણ વ્યવસ્થા ઉપર થતો ખર્ચ, લશ્કરનો ખર્ચ, આક્રમણોમાં થતો ખર્ચ, અબજો ડોલર જો ગરીબ દેશોની મદદ, જુદી જુદી બીમારીઓ માટેની દવાઓ, ગરીબ અને ભૂખે મરતા દેશોમાં કુપોષણથી મૃત્યુ પામતાં બાળકો, જેમના માથે સર છુપાવવા છાપરું નથી એવા ગરીબ દેશોના લોકોના ઘરો, તંદુરસ્તી અને શિક્ષણ વગેરેની ઉન્નતી માટે ખર્ચ કરવામાં આવે. શું આપ આમ નથી ઈચ્છતા ?

શું આપ આમ નથી ઈચ્છતા કે આ વિનાશ માટે ખર્ચાતા અબજો ડોલર વિશ્વમાં શિક્ષણનો વ્યાપ વધારવા, શિક્ષણને ગરીબ અને તદ્દન કચડાયેલા માનવો સુધી લઈ જઈ તેઓની શારીરિક તંદુરસ્તી વધારવા, ધરતીકંપો, વિનાશક પૂરો વગેરે કુદરતી આફતોમાં સપડાયેલા લોકોની મદદ કરવામાં ખર્ચ કરવામાં આવે.

શું આપ નથી ઈચ્છતા કે વિશ્વમાં નવા રોઝગાર ઊભા કરવા માટે, વિવિધ દેશો વચ્ચેના ઝઘડાઓ દૂર કરવા માટે, વિવિધ દેશોમાં થયા કરતી કબાઈલી અને કોમી જંગોને રોકવા માટે આ અબજો ડોલર ખર્ચ કરવામાં આવે.

તો આજે આ દુનિયાની કાયાપલટ થઈ જાય. આ દુનિયા કેવી સુંદર બની જાય ! આ રીતે

આપની હુકુમત માટે, આપના પ્રજાજનોને પ્રતિષ્ઠા અને ગર્વનો એહસાસ ન થાત !

શું આપની હુકુમતની સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિ મજબુત ન થાત ?

અને મારે અફસોસની સાથે કહેવું પડે છે કે અમેરિકી હુકુમત માટે વિશ્વમાં રોજ-બરોજ જે નફરત વધી રહી છે, શું તે નફરત હોત. હરગિઝ ન હોત.

જો આજે હઝરત ઈબ્રાહીમ (અલ.), ઈસા (અલ.), યાકુબ (અલ.), ઈસ્માઈલ (અલ.), યુસુફ (અલ.) અને હઝરત ઈસા (અલ.) આપણી વચ્ચે હોત તો ઉપરોક્ત તમામ પ્રશ્નો માટે તેઓ શું ફેસલો કરત ?

તે જાહેર થનારા ઈમામ મેહદી (અલ.), જેમના મુબારક જમાનામાં વિશ્વમાં ચારે તરફ

ઈન્સાફ જ ઈન્સાફ હશે. તે વખતે હઝરત ઈસા (અલ.) પણ મોજુદ હશે. તે વખતે આપણને પણ કોઈ કાર્ય સોંપાશે ? મળશે ? શું તેઓ આપણને તેમની સમક્ષ ઊભા રહેવાની પણ ઈજાઝત આપશે?

અને મારો મુખ્ય સવાલ - પાયાનો પ્રશ્ન કે વિશ્વ સાથે અને વિશ્વની કોમો સાથેનો વ્યવહાર, આદાન-પ્રદાન, લેનદેન, વર્તણુક માટે આનાથી બેહતર કોઈ રસ્તો જ નથી, જે આપ અપનાવી રહ્યા છો ?

આજે દુનિયામાં કરોડો મસીહી, કરોડો મુસલમાન અને લાખો હઝરત મુસા (અલ.)ની પેરવી કરનારા છે. અને આ બધા જ દીનો - ધર્મા ઈલાહી દીનો છે. તે બધા જ એક કલિમામાં શરીક છે. તે કલમિએ તૌહીદ છે. એટલે કે એક એવા

યક્તા (એક) ખુદા પરનો અકીદો જેના સિવાય કોઈ ખુદા નથી. કુઆર્ને પાક પણ આપણને આ તરફ ધ્યાન દોરે છે. સાથે આ બાબતની પણ તાકીદ કરે છે કે તેઓ કુર્આનની દઅ્વતનો ઈકરાર કરે, આપ લોકો કુર્આનની ભાષામાં - અલ્લાહની સમક્ષ એહલે કિતાબ છો. તવહીદ આપણો એકસરખો અકીદો છે.

**અલ્લાહતઆલા ઈરશાદ ફરમાવે છે :**

અય રસૂલ ! કહી દો કે અય કિતાબવાળાઓ, આવો એક એવી વાત તરફ જે અમારી અને તમારી વચ્ચે સમાન છે. (અને તે એ) કે આપણે અલ્લાહના સિવાય કોઈની બંદગી કરીએ નહિ...

*(કુર્આન મજીદ સુરએ આલે ઈમરાન આ. ૬૪)*

કલામે ઈલાહીમાં આપણા બધાને તે વાહીદ ખુદા અને અંબિયાએ ઈલાહીની પેરવી કરવાની દઅ્વત આપવામાં આવી છે. તે ખુદાની ઈબાદત

કરવાનો હુકમ છે. જે વિશ્વની બધી જ વસ્તુઓથી બીલકુલ અલગ, ઉચ્ચોચ્ચ અને દરેક વસ્તુ પર કુદરત ધરાવનાર છે.

તે પરવરદિગાર... જે ઝાહિર અને બાતિન, ભૂત અને ભવિષ્ય બધાથી વાકિફ છે. તે પોતાના બંદાઓના દીલોની દરેક વાતથી પણ વાકેફ છે. બંદાઓના આમાલને તે લખી રહ્યો છે.

તે પરવરદિગાર.... જે જમીન અને આસમાનનો માલીક છે. અને સમગ્ર વિશ્વ તેની હુકુમતમાં છે.

તમામ આલમની તદબીર તેના હાથમાં છે. વળી તેણે પોતાના બંદાઓને મગફિરત અને તેમના ગુનાહોની બક્ષિસનો વાયદો કર્યા છે.

તે મઝલૂમોનો દોસ્ત અને ઝાલિમોનો દુશ્મન છે.

તે રહમાન અને રહીમ છે.

તે મોમીનનો મદદગાર અને તેમને અંધકારમાંથી નૂર તરફ હિદાયત કરનારો છે.

**માનનીય જનાબ પ્રમુખશ્રી** :

અલ્લાહ પોતાના બંદાઓના આમાલ પર ગવાહ છે. તે પોતાના બંદાઓને ઈમાન અને અમલે સાલેહ તરફ બોલાવી રહ્યો છે. તે સત્ય - હકની રાહમાં કદમ ઉઠાવવા અને તેના ઉપર કાયમ રહેવાનું કહી રહ્યો છે.

અલ્લાહ તે લોકોને જન્નતમાં દાખલ કરશે. જેઓ નેકી કરે છે. જેઓ અલ્લાહથી ડરે છે. પોતાની ખ્વાહિશાતની પેરવી નથી કરતા.

અમે તો માનીએ છીએ કે ખુશકિસ્મતી - નજાત અલ્લાહની ફરમાંબરદારીમાં છે. જ્યારે

આપણે અંબિયાએ ઈલાહીના રસ્તા ઉપર પાછા ફરીએ.

મેં તો સાંભળ્યું છે કે આપ જનાબ હઝરત ઈસા (અલ.)ના કાયદા-કાનૂનો, નીતિ-નિયમો અને સિદ્ધાંતોમાં વિશ્વાસ ધરાવો છો. આઈને હઝરત મસીહ (અલ.) ઉપર વિશ્વાસ ધરાવો છો. સાથે સાથે એવા ઈલાહી વાયદાને પણ સ્વીકારો છો કે હુકુમત સાલેહીનની જ હોવી જોઈએ.

અમે પણ હઝરત ઈસા મસીહ (અલ.)ને ઈલાહી પેગંબર માનીએ છીએ. કુર્આન મજીદમાં અનેક જગ્યાએ એમનું વર્ણન થયું છે.

હઝરત ઈસા (અલ.)ના શબ્દોમાં કુર્આન આ વિષયમાં ઈરશાદ ફરમાવે છે :

“અને (હઝરત ઈસા અલ.એ પોતાની કોમને ફરમાવ્યું) બેશક અલ્લાહ મારો અને તમારો

પરવરદિગાર છે, માટે તમે તેની જ ઈબાદત કરો, એ જ સીધો માર્ગ છે.”

*(સૂરએ મરિયમ આયત નં. ૩૬)*

બંદગી અને અલ્લાહની ઈબાદત તમામ નબીઓનું આચરણ અને ઓળખ રહી છે.

લોકો પછી તેઓ યુરોપના હોય, આફ્રિકાના હોય, એશિયાના હોય, અમેરિકાના હોય અથવા વિશ્વના કોઈપણ ભાગમાંના હોય બધાનો ખુદા એક જ છે. અને તે પરવરદિગાર પોતાના બંદાઓ માટે-દરેક માટે હિદાયત અને ઈઝ્ઝત ઈચ્છે છે. તેણે આપણને બુદ્ધિ આપીને શ્રેષ્ઠ સર્જન બનાવ્યા છે. ઈન્સાનો ઉપર દયાવાન બનવાનો હુકમ આપ્યો છે.

કલામે ઈલાહીમાં આ પણ છે કે પરવરદિગારે અંબિયા અને રસૂલોને સ્પષ્ટ નિશાનીઓ અને મોઅજેઝાત સાથે ઈન્સાનોની

હિદાયત માટે મોકલ્યા છે. તેઓ કલામે ઈલાહીની આયાત સમજાવે, બંદાઓને ગુનાહોથી પાક કરે. કિતાબ અને મિઝાનને પણ નાઝિલ કર્યાં જેથી લોકો એકબીજા સાથે ઈન્સાફથી વર્તે, ફસાદીઓથી દૂર રહે.

અંબિયાઓએ વાયદો કર્યા છે કે એક દિવસ એવો પણ આવશે કે લોકોને અલ્લાહના દરબારમાં હાજર કરવામાં આવશે. આમાલનો હિસાબ-કિતાબ થશે. પછી નેક લોકો જન્નત તરફ રવાના થશે અને દુષ્કૃત્યો કરનાર ઝાલીમોને અઝાબે ઈલાહી જકડી લેશે.

**મોહતરમ - પ્રમુખ શ્રી** :

હું માનું છું કે આપણે બંને કયામતના દિવસ ઉપર વિશ્વાસ ધરાવીએ છીએ. જેથી ચોખ્ખું દેખાય છે કે સત્તાધીશોનો હિસાબ આસાન નહીં

હોય, એટલા માટે કે આપણે આપણા શાસનનો અને તે તમામ લોકોનો હિસાબ આપવો પડશે, જેઓના જીવન ઉપર આપણે કોઈ ન કોઈ પ્રકારે પ્રભાવ નાખતા હોઈએ છીએ.

અંબિયા ખુદાપરસ્તી, ઈન્સાફ અને માનવકલ્યાણની બુનિયાદ ઉપર સુલેહ અને અમન સમગ્ર ઈન્સાનિયતના માટે ઈચ્છે છે.

આપણામાંના દરેક (સત્તાધીશો) આ સિદ્ધાંતો તૌહીદ, ખુદાપરસ્તી, ઈન્સાફ પસંદી, દરેકના માટે ઈઝ્ઝત, માનવ કલ્યાણની ભાવના, સાથે કયામતના દિવસ ઉપરનો વિશ્વાસ વગેરેના પાબંદ બની જઈએ તો શું આ વિશ્વની મુશ્કેલીઓ ઉપર કાબુ નથી પામીં શકતા ? જે મુશ્કેલીઓ અલ્લાહ અને તેણે મોકલેલા અંબિયાની પેરવીથી

દૂર હટી જવાના પરિણામરૂપે આપણે ભોગવી રહ્યા છીએ.

શું આ ઉસૂલો ઉપર અમલ કરવાથી સુલેહ, દોસ્તી, ઈન્સાફ વ્યાપક નહીં બને ? અને આપણે સુરક્ષિત - હિફાઝત સાથે નહીં જીવી શકીએ ?

અંબિયાના બંધારણો તરફ સાચા અર્થમાં અમલ, તૌહીદ, ઈન્સાફ, માનવ સન્માનના રક્ષણ તરફ પાછા ફરવું, ખુદા અને તેના રસૂલોની ઈતાઅત તરફ પાછા ફરવું, શું જનાબ મારા આ આમંત્રણને કબૂલ નહીં કરો ?

**મોહતરમ - પ્રમુખશ્રી** :

ઈતિહાસ ઉપર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે હુકુમતો ઝુલમ કરવાથી મજબૂત નથી રહેતી. પરવરદિગારે આલમે ઈન્સાનિયતની કિસ્મતને ઝાલિમ હાકેમોના હવાલે નથી કર્યું.ર્

પરવરદિગારે આલમે આ દુનિયા અને તેમની ઈન્સાનિયતને તેમના હાલ ઉપર એમ જ નથી છોડી દીધી, તેથી તો એવી પરિસ્થિતિઓ સર્જાય છે જે સત્તાધીશોની ઈચ્છાઓ - તેમના ઈરાદાઓથી ઉલટી-વિરોધ હોય છે. આ બાબતથી અંદાઝો લગાવી શકાય છે કે અહીં કોઈ સર્વશક્તિમાન કુદરત કામ કરી રહી છે. તે કુદરતના ઈરાદાઓથી જ તમામ કાર્યો અમલમાં આવે છે. તે સર્વશક્તિમાન અલ્લાહ હાકેમો અને હુકુમતોની તમામ કોશીશોને બરબાદ કરી નાખે છે. જે બુરા ઈરાદાઓ સાથે અમલમાં આવવાની હોય છે.

**મોહતરમ પ્રમુખશ્રી :**

આજના વિશ્વમાં બનતા બનાવો, થતાં પરિવર્તનો આપણને સર્વશક્તિમાન અલ્લાહની

અજબગજબ કુદરતના સ્પષ્ટ સંકેતો આપે છે. શું આ વાતથી ઈન્કાર કરી શકાય છે ?

વિશ્વની અત્યારની પરિસ્થિતિની શું દસ વરસ પહેલાંની પરિસ્થિતિ સાથે સરખામણી કરી શકાય છે ? વિશ્વમાં ફેરફાર ઘણી ઝડપથી અને વિશાળ પાયા ઉપર આવી રહ્યા છે.

અને આ સમગ્ર વિશ્વ હાલની પરિસ્થિતિથી ખુશ નથી. વિશ્વ સ્તરે પ્રભાવશાળી હાકેમોના બયાનો - પ્રવચનો અને વાયદાઓ ઉપર લોકો ઘણો જ ઓછો વિશ્વાસ કરે છે. વિશ્વના જુદા જુદા ભાગોના લોકો પોતાને અસલામત - અરક્ષિત સમજે છે. લોકોની અસલામતિભરી આ પરિસ્થિતિ યુદ્ધ વિરોધી છે. લોકો બેધારી નીતિ ધરાવતી સિયાસતને પસંદ નથી કરતા. આવા રાજકારણીઓ પણ લોકોને પસંદ નથી.

બલકે લોકો અમીરો અને ગરીબોની વચ્ચે વધતું અંતર - અમીર અને ગરીબ દેશો વચ્ચે વધતું અંતર વગેરે ઉપર ટીકા કરે છે. લોકો રોજબરોજ વધતી જતી બુરાઈઓ - ગુનાહિત કૃત્યો તરફ પણ નફરત કરે છે ? લોકો યુદ્ધથી રંજીદહ છે- દુ:ખી છે. એનાથી કુટંબો વિખેરાઈ જાય છે. બાળકો યતીમ બને છે. સ્ત્રીઓ વિધવા થાય છે. સંસ્કૃતિઓનો નાશ થાય છે.

દુનિયાના લોકો વિશ્વસ્તરના સંગઠનો વિશે પણ ખુશ નથી, કારણ કે આવા સંગઠનોના કારણે તેમના હકો તેમને મળતા નથી. આવા સંગઠનો ફક્ત પોતાના ફાયદા માટે કે અમૂક વર્ગના લોકોના ફાયદા માટે જ કાર્ય કરતાં હોય છે.

મોહતરમ પ્રમુખશ્રી :

તમારો પશ્ચિમી લિબરાલિઝર્મ અને ગોકળગાયની ગતિ ઉપર ચાલતી લોકશાહી ઈન્સાનોની ઉમ્મીદોને પૂર્ણ કરવામાં સદંતર નિષ્ફળ ગઈ છે. ઈન્સાનોને શાંતિ અને સલામતિ જોઈએ છે. અર્વાચિન પદ્ધતિની લોકશાહી તે આપવામાં નિષ્ફળ ગઈ છે. લોકશાહી પદ્ધતિ ઈન્સાનોને ન તો મજબૂત વ્યવસ્થાતંત્ર આપી શકી છે ન સલામતિ.

ઊંડો વિચાર કરનારા લિબરલ ડેમોક્રેસીની નિષ્ફળતા જોઈએ એની અધોગતિ અને વિનાશની બૂમો પાડવા લાગ્યા છે. આપ પણ આ ઢીલીઢાલી નીતિ ધરાવતી પશ્ચિમી લોકશાહીના વિનાશની બૂમો સાંભળતા જ હશો.

આજનું વિશ્વ હકીકત તરફ આગળ વધી રહ્યું છે. વાસ્તવિક્તા તરફ, સચ્ચાઈ તરફ વિશ્વમત

બની રહ્યો છે. અને આ સચ્ચાઈ - હકીકત "ખુદા" છે. ઈન્શાઅલ્લાહ યકીન સાથે કહી શકાય છે કે લોકો ખુદાપરસ્તી અને પેગંબરોના માર્ગદર્શન ઉપર અમલ કરીને પોતાની મુશ્કેલીઓ ઉપર કાબુ મેળવી લેશે.

મારો મુખ્ય પ્રશ્ન - ગંભીર સવાલ આ છે કે "શું આપ તેમનો સાથ નહીં આપો ?"

**જનાબ મોહતરમ પ્રમુખશ્રી** :

આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ, વિશ્વ ખુદાપરસ્તી અને ઈન્સાફની તરફ આગળ વધતું રહેશે, અને ખુદાનો ઈરાદો દરેક વસ્તુ ઉપર વિજયી રહેશે.

વસ્સલામો અલા મનીત્તબઅલ હોદા મહમૂદ અહમદી નઝાદ રાષ્ટ્રપતિ, ઈસ્લામી જમહુરીએ ઈરાન.

# પ્રકરણ-૫ ઈસ્લામી જમહુરીએ ઈરાનના પ્રમુખ મહમૂદ અહમદી નઝાદનું વક્તવ્ય યુ.એન.ઓ.ની સભામાં (તા. ૧૮-૧૨-૦૬ના રોજ)

**યુ.એન.ઓ. - થોડીક માહિતી :**

બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકાએ જાપાનના બે શહેરો ઉપર અણુબોંબ ફેંક્યા. અભૂતપૂર્વ વિનાશ સર્જાયો. ત્યારબાદ ૨૪ ઑક્ટોબર ૧૯૪૫માં સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના થઈ. આ વિશ્વ દેશના સંગઠનમાં સૌ પ્રથમ ૫૧ રાષ્ટ્રો જોડાયાં હતાં. આજે દુનિયાના લગભગ ૧૯૨ દેશો યુનોમાં જોડાયેલ છે.

યુનોના હેતુઓમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતિ જાળવવી, દેશ દેશ વચ્ચે મૈત્રીભર્યા સંબંધ સ્થાપિત કરવા, ધીરે ધીરે આ સંગઠનને આર્થિક, સાંસ્કૃતિક પ્રગતિ માટે પણ વિશ્વસ્તરે કાર્ય શરૂ કર્યું. મેમ્બર દેશો ભેગા મળી એનો ખર્ચ ઉપાડે

છે. યુનોની મુખ્ય ઓફિસો મોટાભાગે અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં આવેલી છે.

એક જનરલ એસેમ્બલી (સામાન્ય સભા) : જેમાં દરેક સભ્ય દેશને ૧ મત આપવાનો અધિકાર છે. આ સભા વર્ષમાં ૧ વાર મળે છે. જરૂર પડે તો બેઠક બોલાવી શકાય છે. આ સભા માટે પ્રમુખ, ઉપપ્રમુખની ચુંટણી થાય છે. બધા જ મહત્ત્વના ઠરાવો બે તૃતીયાંશ બહુમતીથી પસાર થાય છે.

યુનોનું બીજું અતિ મહત્ત્વનું અંગ સલામતિ સમિતિ છે. તેનું કાર્ય વિશ્વ શાંતિ જાળવવાનું છે. પંદર દેશો એના સભ્યો છે. અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, ચીન અને રશિયા, આ કાયમી સભ્યો છે. તેમને વીટો પાવરનો અધિકાર છે. વીટોનો મતલબ આ પાંચ દશોમાંથી કોઈપણ દેશ વીટો દ્વારા ઠરાવનો બહિષ્કાર કરી જનરલ એસેમ્બલીએ પસાર કરેલા

ઠરાવને નકામો બનાવી શકે છે. દસ બિન કાયમી સભ્યોની ચુંટણી દર બે વરસે થાય. આવી જનરલ એસેમ્બલીમાં ઈરાનના વડાનું વક્તવ્ય આપણને આ બહાદુર પુરુષની બહાદુરીની ઝાંખી કરાવે છે. આપે આ રીતે સમગ્ર વિશ્વને ઈસ્લામની દઅ્વત આપી છે.

ઈસ્લામી ઈરાનના પ્રમુખ મહમૂદ અહમદી નઝાદનું યુનોની જનરલ એસેમ્બલીમાં વક્તવ્ય તા. ૧૮-૧૨-૨૦૦૬ના રોજ

**બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ**

અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન, વસ્સલાતો વસ્સલામો અલા સય્યેદેના મોહંમદીંવ વઆલેહિત્તાહેરીન વ સહબેહીલ મુનતખબીન અલ્લાહુમ્મ અજ્જિલ લે વલિય્યેકલ ફરજ વલ આફિયતઅ્ વન્નસઅ્રઅ્ વજઅલના મિન ખયરે

અનસારેહી વ અઅ્વાનેહી વલમુસતશહદીનઅ્ બયનઅ્ યદયહે.

તમામ હુકુમતોના પ્રતિનીધિઓ, પ્રમુખો તથા બહેનો,

હું પરવરદિગારે આલમનો શુક્ર અદા કરું છું કે તેણે મને બીજી વખત આ મોકો આપ્યો કે હું મારી ઈરાની કોમ તરફથી કેટલીક વાતો, કેટલીક માંગણીઓ વિશ્વની કોમો સમક્ષ રજુ કરૂં.

આજે હું જોઈ રહ્યો છું કે વિશ્વની તમામ કોમોમાં એક જાગૃતિ આવી રહી છે. ઈન્સાનોમાં પેદા થઈ રહેલી આ જાગૃતિ અંગેના વિચારો વિશ્વના દેશોના પ્રમુખો અને પ્રતિનીધિઓ સમક્ષ રજુ કરવાનો અલ્લાહે મને મોકો આપ્યો છે. જેથી હું ખુદાવંદે તઆલાનો મશકૂર છું. શુક્રગુજાર છું.

સચ્ચાઈ, ખુદા પરસ્તી, ઈન્સાફ પસંદગી અને ઈન્સાનની મહાનતાનું સમર્થન કરવું એ જ વિશ્વની તમામ કોમો માટે મદદગાર થઈ શકે છે. દરેક પ્રકારની ધમકી, ધોખાબાજી અને જબરદસ્તીનો વિરોધ, મઝલૂમ કોમોનું રક્ષણ, સુલેહ પસંદી દુનિયાની તમામ પ્રજાઓની માંગણી છે. તેઓ ઈચ્છે છે. ખાસ કરીને વિશ્વનો તે યુવાવર્ગ જે દરેક પ્રકારના અત્યાચારથી, જબરદસ્તીથી પવિત્ર છે. ઈન્સાનિયતની મહબ્બત જેમના દીલોમાં ભરેલી છે. યુવાનો અને કિશોરોનો આ હક છે કે તેઓ ઈન્સાફના મદદગાર હોય, તેઓનો આ પણ હક છે કે પોતાના ભવિષ્યનું નિર્માણ પ્રેમ, મહબ્બત અને સલામતિ સાથે કરે.

હું મારા પરવરદિગારની આ નેઅમત ઉપર પણ શુક્રગુજાર છું કે યુવાનોનો આત્મા જીવંત છે.

**બહેનો અને ભાઈઓ...**

આજે ઈન્સાનિયત જે જે મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહી છે, બલકે મુશ્કેલીઓમાં સપડાયેલી છે. તે ઈન્સાનની મહાનતાને મુનાસિબ નથી, યોગ્ય નથી. અલ્લાહે ઈન્સાનને આટલા માટે પેદા નથી કર્યા કે તેઓમાંથી કેટલાક કેટલાકના ઉપર અત્યાચાર કરે, અને કેટલાક યુદ્ધ કરીને કે આતંકવાદી બનીને દવલતને લૂંટે, માલદવલત એકત્ર કરીને પોતાની શક્તિમાં વધારો કરે. જ્યારે કેટલાક ભૂખ અને તંગદસ્તીમાં આવી જઈને અનેક મુશ્કેલીઓના શિકાર બને.

કેટલાક પોતાના હથિયારો અને ધમકીઓ દ્વારા હુકુમત કરે, તો વળી કેટલાક આ પ્રકારની ધમકીઓ અને ભયના ઓથાર હેઠળ જિંદગી બસર કરવા પર મજબુર થઈ જાય.

કેટલાક પોતાના દેશથી દૂર-બલકે હજારો કિલોમીટર દૂર બીજાઓની ઝમીન ઉપર કબજો કરી લે, તેમના આંતરિક મામલામાં દખલગીરી કરે, તેમના તેલના ભંડારો અને અન્ય ખજાનાઓ ઉપર કબજો જમાવી લે, તેમના આંતરરાષ્ટ્રીય માર્ગો ઉપર દરરોજ જ બોંબબારીનો સામનો કરવો પડે. તેમના બાળકો પોતાના જ વતનની ગલીકુંચીઓ અને બજારોમાં કતલ થઈ જાય. તેમના મહોલ્લાઓને ખંડિયેર બનાવી દેવામાં આવે. આ પ્રકારના કૃત્યો ઈન્સાનની ઈન્સાનિયતને યોગ્ય નથી. આ ઈન્સાફ અને અદાલતના વિરુદ્ધ છે.

પાયાનો પ્રશ્ન તો આ છે કે આ પ્રકારની પરિસ્થિતિમાં સપડાયેલી પ્રજાઓ અને રાષ્ટ્રો કોને ફરિયાદ કરે ? ક્યાં ફરિયાદ કરે ? વિશ્વની કઈ સંસ્થા આ મઝલુમોના હકોનું રક્ષણ કરશે ? અને

ઝાલીમોને તેમની જગ્યાએ પાછા મોકલશે. વિશ્વ સ્તરે આ પ્રકારનું ન્યાયતંત્ર કે અદાલત ક્યાં છે ? બતાવો.

વિશ્વસ્તરના કેટલાક પ્રશ્નો રજૂ કરવાથી આ વાત વધુ સ્પષ્ટ થઈ જશે,

**(૧) એટમબોંબ, અણુબોંબ અને કેમીકલ હથિયારોમાં લગાતાર વધારો.**

કેટલીક હુકુમતો એટમી હથિયારો અંગેની નવી નવી શોધખોળો કર્યાની જાહેરાતો ફખર-ધમંડથી કરે છે. પરંતુ તેમને આ પ્રકારના હથિયારોની શું જરૂરત છે ? શું તેઓ આવા પ્રકારના હથિયારોનો પોતાના ભંડારોમાં ઢગલો કરીને અમન-શાંતિ-સુલેહની વાતો કરે છે ? વળી આવી હુકુમતો હથિયારોના ઢગલા ઉપર બેસીને વિશ્વમાં લોકશાહી ફેલાવવાની પણ વાતો કરે છે ?

શું આ હુકુમતો આ પ્રકારના હથિયારો એકત્ર કરીને વિશ્વની ગરીબ પ્રજાઓને ડરાવવા - ધમકાવવા માગે છે ?! ક્યાં સુધી વિશ્વની આ પ્રજાઓ એટમબોંબ, અને કેમિકલ હથિયારોના ભય વચ્ચે જીવન જીવશે ?! જે હુકુમતો આવા હથિયારો બનાવે છે તેઓ કયા નિયમોની પાબંદ છે ? શું આવા હથિયારો બનાવતી હુકુમતોના લોકો, ત્યાંના રહેવાસીઓ, આ બાબત રાજી છે કે તેમના પરસેવાની કમાઈના નાણાનો આ રીતે ઉપયોગ કરવામાં આવે ?

શું આ રીતે વ્યાપકપણે બરબાદી અને તબાહી મચાવનારા બોંબ અને હથિયારો ઉપર ભરોસો રાખવાની જગ્યાએ ઈન્સાફ, અદાલત, અખલાક અને બુદ્ધિ ઉપર ભરોસો નથી રાખી શકતા!

શું અક્કલ અને ઈન્સાફ દ્વારા સુલેહ અને અમન પેદા થઈ શકશે કે એટમી અને કેમીકલ હથિયારો દ્વારા ? શું અક્કલ અને ઈન્સાફનો સુલેહ અને સલામતી સાથે વધારે સુમેળ બેસે છે કે એટમી હથિયારો સાથે ?

જો અક્કલ, અખલાક અને ઈન્સાફની હુકુમત હોય તો ઝુલમ અને જબરદસ્તીના મૂળિયાં સુકાઈ જશે. ધમકીઓનો ખાતેમો બોલી જશે. ઝઘડાઓનું અસ્તિત્વ જ બાકી રહેશે નહિ. કારણ કે વધારે પડતા વિરોધાભાસના કારણો પોતાના હકનું છે તેના ઉપર સંતોષ ન માનતાં અન્યોના હક ઉપર તરાપ મારવી - નાઈન્સાફી કરવી છે.

સામાન્ય રીતે લોકો ઈન્સાફને પસંદ કરે છે. દરેકને ન્યાય તો ગમે છે. જેથી તેને લાગુ કરવા કુરબાની આપવા પણ તૈયાર હોય છે.

વિશ્વશક્તિઓ જો સાચી રીતે ઈન્સાનોને સુખી કરવા માંગતી હોય તો ઈન્સાફ, સુલેહ અને સલામતિનો પરચમ બુલંદ કરે તો તેઓ વધારે મજબુત અને પ્યારી બની જશે. લોકોના દીલોમાં વધારે મહબુબ બની જશે, શું મહાસત્તાઓ એમ સમજે છે કે એટમી અને કેમિકલ હથિયારો ઉત્પન્ન કરીને, વિશ્વ ઉપર હંમેશાનો ભય અને ડરખોફ પેદા કરીને પોતે બેખોફ બની શકશે ? જગતની પ્રજાઓનો પ્રેમ પ્રાપ્ત કરી શકશે ? નહિં હરગિઝ નહિ.

ભયનો અનુભવ અને એટમી હથિયારોના ઉપયોગનું પરિણામ આપણી સમક્ષ છે જ. શું તેનો ઉપયોગ કરનારાઓને વિશ્વની પ્રજાઓની નફરત અને દુશ્મની સિવાય કંઈપણ મળ્યું છે ?

**(૨) બીજા દેશો ઉપર કબજો અને પ્રજાઓમાં ફસાદ ઊભો કરવો**

બીજા દેશો - તેમાં ઈરાક ઉપર કબજો આપણી દૃષ્ટિ સમક્ષની વાત છે. ત્રણ વર્ષ જેટલો સમય વીતી ચૂક્યો છે. કોઈ એવો દિવસ નથી પસાર થયો કે સેંકડો વ્યક્તિઓનું લોહી નહીં રેડાયું હોય. કબજો કરનારા ઈરાકમાં અમન અને સલામતિ સ્થાપિત કરી શકતા નથી. હુકુમત અને કાઉન્સીલ બનાવ્યા છતાં કેટલાક અન્ડર ગ્રાઉન્ડ ગુપ્ત હાથો આ કોશીષમાં લાગેલા છે કે અસલામતિ, વિરોધાભાસ અને ખૂનખરાબી ઈરાકમાં ફેલાવતા રહે જેથી તેઓની અંદર અંદરની ખાનાજંગી ઊભી થઈ જાય.

અસલામતિ અને ખુનખરાબી ખતમ કરવા માટેના બહાના હેઠળ બીજા દેશો ઉપર કબજો

કરનારાઓના શું ઈરાદા છે. તેનો કોઈ સુરાગ તો મળતો જ નથી. આતંકવાદીઓની એક ઘણી મોટી સંખ્યાને ઈરાકી હુકુમતે કબજે કરી પરંતુ હુકુમત પર કબજો ધરાવનારાઓએ જુદા જુદા બહાના બનાવી તેઓને આઝાદ છોડી મૂક્યા.

એવું લાગે છે કે ઈરાકમાં વધતી જતી આતંકવાદી પ્રવૃત્તિ અને ખૂનરેજી વિદેશી લશ્કરની હાજરીને યોગ્ય ઠેરવે છે. મહાસત્તાઓ પોતાના લશ્કરને ઈરાકમાંથી પાછા બોલાવવા ઈચ્છતી નથી તેથી આતંક અને ખૂનરેજીને ચાલુ રાખીને પોતાની ફોજોની ત્યાં હાજરી જરૂરી છે, વિશ્વની પ્રજાઓના મગજમાં તેમ ઠસાવવા માગે છે. જો આવી જ પરિસ્થિતિ છે તો ઈરાકની પ્રજા ક્યાં પનાહ હાસિલ કરે? વળી ઈરાકી હુકુમત પણ કોને ફરિયાદ કરે ? ઈરાકમાં અમનની જવાબદારી કોની છે ? ઈરાકમાં

વધતી જતી આ અસલામતિ તેની આસપાસના તમામ દેશોને પ્રભાવિત કરી રહી છે.

મારો સીધો પ્રશ્ન છે કે શું યુનો ઈરાકમાં સલામતિની સ્થાપના કરવા માટે કંઈપણ કરી શકે છે ? જ્યારે કે કબજો કરનારા દેશો યુનોના કાયમી સભ્યો છે. શું આ સંસ્થા યુનો ઈરાકની બાબતમાં કોઈ ન્યાયપૂર્ણ કદમ ઉઠાવી શકે છે ?

**(3) ફલસ્તીન ઉપર એક દૃષ્ટિ નાખો**

ફલસ્તીનની મુશ્કેલીઓ સાથે બીજા વિશ્વયુદ્ધને ખાસ સંબંધ છે. યુદ્ધમાં બચી ગયેલા થોડાક લોકોને સમર્થન આપવાના બહાને ફલસ્તીનની ભૂમિ ઉપર જંગ કરીને, તે જમીનના માલિક એવા લાખો લોકોને તેમના દેશમાંથી બહાર ધકેલી દઈને કબજો કરી લીધો. પછી આ બીજાઓની જમીનને બીજા વિશ્વયુદ્ધમાં મૃત્યુ પામેલા

લોકોના સગાંવહાલાઓને આપી દીધી. આટલું નહિ પરંતુ આવા લોકોની એક મોટી સંખ્યા સમગ્ર વિશ્વમાંથી એકત્ર કરવામાં આવી. જેમનો આ જંગથી કોઈ સંબંધ પણ ન હતો. પછી બીજાઓની જમીન ઉપર એવી હુકુમત બનાવવામાં આવી જેમાં વસનારાઓને સમગ્ર દુનિયાભરમાંથી એકત્ર કરવામાં આવ્યા. જે લોકોને ફલસ્તીન સાથે કોઈ સંબંધ જ ન હતો.

આ એક એવી દુર્ઘટના છે જેનું દૃષ્ટાંત ઈતિહાસમાં ભાગ્યે જ મળી શકે. આ ફલસ્તીનના મુલકમાંથી હાંકી કઢાયેલી મઝલૂમ બેવતન પ્રજાની એક મોટી સંખ્યા કેમ્પોમાં - તંબુઓમાં જિંદગી બસર કરી રહી છે. તેમાંથી ઘણાંબધા તો પોતાના દેશમાં ફરીથી જઈશું એવી આશા રાખતાં રાખતાં આ દુનિયા છોડી ગયા.

શું મહાસત્તાઓએ કરેલા આ ઝુલમ માટે કોઈ એવી તર્કસંગત દલીલ છે ? અથવા કાયદો છે? જેના દ્વારા આ કૃત્યને સમર્થન મળી શકે અથવા આ ઘટનાની સ્પષ્ટતા થઈ શકે. શું મારી સામે બેઠેલા યુનોના તમામ મેમ્બરો-દેશોમાંથી યુનોનો કોઈ મેમ્બર એમ પસંદ કરશે કે આવી દુર્ઘટના તેના પોતાના દેશમાં પણ બને ?

બયતુલ મુકદ્દસ ઉપર કબજો કરનારી હુકુમતનું બહાનું એવું ખોખલું અને નિરર્થક છે કે એના વાદી આ બાબતની છૂટ પણ આપતા નથી કે એના વિષયમાં કોઈ ચર્ચા થાય. કારણ કે સત્ય સ્પષ્ટ થઈ જવાની પરિસ્થિતિમાં એમનું ડહાપણ, એમની ફિલોસોફી વગેરેનું અસ્તિત્વ જ ખતમ થઈ જશે. જેવી રીતે કે ખતમ થઈ પણ ચૂક્યું છે.

બીજાઓની જમીન ઉપર કબજો કરીને હુકુમતની સ્થાપના કરવા ઉપર વાત પૂર્ણ થઈ જતી નથી. બલકે અફસોસ તો આ વાતનો છે કે આ કબજો કરીને સ્થાપિત કરેલી હુકુમતના પ્રથમ દિવસથી આ મહાસત્તાઓએ સમગ્ર મધ્યપૂર્વમાં જંગનું વાતાવરણ ઊભું કરી દીધું છે. આ લોકો સમગ્ર મધ્યપૂર્વના દેશોને ભયના ઓથાર નીચે રાખીને, તેમના અંદર એકબીજા પડોશીઓ માટે શંકાકુશંકા અને વિરોધાભાસનું વાતાવરણ ઊભું કરીને આ દેશોની પ્રગતિને અટકાવી દીધી છે. બસ ભય, ભય, ભયમાં જીવીને તેના નિવારણના વિચારોમાં અટવાયેલી આ મઝલૂમ પ્રજાઓની પ્રગતિ થંભી ગઈ છે. શક્ય છે, શક્ય છે કે મારી આ વાતો અમૂક લોકોને પસંદ ન પડે જેઓ મારી સામે

આ સભામાં બેઠા છે. પરંતુ આ કંઈ કાલ્પનીક વાતો નથી. બલકે હકીકતો છે. ઈતિહાસ આપણી સામે છે.

**(૪) ભાઈઓ અને બહેનો, ફલસ્તીનની વાત કરૂં.**

જરા ફલસ્તીનની જમીન તરફ જુઓ. ત્યાંના લોકોના માથાઓ ઉપર દરરોજ બોંબ વરસાવવામાં આવે છે. તેઓના માસુમ બાળકો ગલીકુંચીઓ અને રસ્તાઓ ઉપર કતલ થઈ રહ્યાં છે. છતાંપણ કોઈપણ કાનૂનના મદદગારો અહીં સુધી કે આ યુનોની સલામતિ કાઉન્સીલ પણ તેમની મદદ કરવાથી અશક્ત છે, લાચાર છે, વિવશ છે, શા માટે ?

બીજી બાજુ એક હુકુમત લોકોના વોટથી લોકશાહી પદ્ધતિથી ફલસ્તીનના એક નાના ભાગ ઉપર પોતાની હુકુમત બનાવે છે, પરંતુ લોકશાહીના મદદગારો - લોકશાહીનો ધ્વજ લઈને ફરનારા-

લોકશાહી લોકશાહીના દરરોજ બૂમબરાડા પાડનારા તેમની મદદ કરવાની જગ્યાએ સમગ્ર વિશ્વની દૃષ્ટિ સમક્ષ તે લોકશાહી હુકુમતના મંત્રીઓને પકડી પકડીને કેદમાં નાખે છે. પરંતુ કઈ સંસ્થા, કઈ કમિટિ, કઈ વ્યવસ્થા તે મઝલુમ હુકુમતની મદદ કરે છે ? શું આ યુનોની સલામતિ કાઉન્સિલ કોઈ કદમ નથી ઉઠાવી શકતી ? આ જગ્યાએ લબનાન તરફ પણ ઈશારો કરતો જાઉં.

૩૩ દિવસ સુધી લોકો બોંબ અને ગોળીઓના વરસાદ નીચે રહેવા મજબૂર બન્યા. સેંકડો સ્ત્રીઓ-બાળકો હલાક થયાં. ૧૫ લાખ લોકો ઘરબાર વગરના રખડતા થયા. છતાંય સલામતિ સમિતિના સભ્યોએ ઈરાદાપૂર્વક એવી નીતિ અપનાવી હદથી વધી જનારા ઝાલીમોને વધારે સમય મળે જેથી તેઓ પો◌ેતાનો હેતુ પાર પાડી લે.

અમે જોયું કે લબનાન ઉપર હુમલા વખતે જંગની શરૂઆતમાં ન તો કોઈ ઠરાવ પસાર કરે છે. ન તો જંગ રોકવાની કોશીશ કરે છે, અમે જોઈએ છીએ કે યુનોની આ સલામતિ સમિતિ કેટલીક મહાસત્તાઓના દબાવમાં કામ કરે છે. આ સલામતિ સમિતિ કેટલાય દિવસો સુધી કતલો-ગારતનો આ ભયાનક તમાશો જોતી રહી. શા માટે ?

આ બધા જ પ્રશ્નોના જવાબો સ્પષ્ટ છે. જ્યાં સુધી આ રીતે સલામતિ સમિતિના કાનૂનોનું ઉલંઘન કરનારા એના કાયમી સભ્યો રહેશે, આ કાઉન્સીલ કોઈપણ રીતે પોતાની જવાબદારી ઉપર અમલ કરી શકશે નહિ.

**(૫) આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના હક્કોની અવગણના કરવા બાબત**

ભાઈઓ અને બહેનો

આ જગ્યાએ ઈરાની કોમની મઝલુમીયત અને તેમની સાથે નાઈન્સાફી તરફ પણ ઈશારો કરતો જાઉં. ઈસ્લામી જમહુરીએ ઈરાન એટોમિક એનરજી એજન્સીનું સભ્ય છે. એનપીટીના નીતિ નિયમોનું પાબંદ છે. અમારી બધી જ એટમી પ્રવૃત્તિઓ ઉઘાડી છે. માનવ કલ્યાણના હેતુઓ માટે અમે તેને ચાલુ રાખી રહ્યા છીએ. અમે સુલેહ પસંદ છીએ. આંતરરાષ્ટ્રીય કાનૂનોની પાબંદી સાથે એટમી એજન્સીઓના ઈન્સ્પેક્ટરો - નિરીક્ષકોના નિરીક્ષણ હેઠળ અમારી પ્રવૃત્તિ ચાલે છે. છતાં પણ અમારા કાનૂની હકનો શા માટે વિરોધ કરવામાં આવે છે ? તેજ લોકો વિરોધ કરી રહ્યા છે. જેઓ પોતે

એટમબોંબ બનાવી રહ્યા છે, જેઓ અણુબોંબના માલીક છે. વળી તેઓ ભૂતકાળમાં ઈન્સાનોની સામે અણુબોંબનો ઉપયોગ પણ કરી ચૂક્યા છે.

આ અન્યાયને કઈ સંસ્થા કે કાઉન્સીલ દૂર કરશે ? શું સલામતી સમિતિ આટલી શક્તિ ધરાવે છે કે આ અન્યાયને દૂર કરી શકે ? અને આવા નાઈન્સાફી કરતા બીજાઓના અંગત મામલામાં ટાંગ અડાડતા દેશોને રોકે કે તેઓ અન્યોના જાઈઝ હકોમાં દખલગીરી ન કરે. આ મહાસત્તાઓ અન્ય દેશોની વૈજ્ઞાનિક પ્રગતિમાં અવરોધ બની રહી છે.

સલામતિ સમિતિનો ઉપયોગ અવિકસિત અને ગરીબ દેશોની સલામતિ અને વિકાસ માટે નથી થતો પરંતુ તેઓને ડરાવવા - ધમકાવવા માટે થઈ રહ્યો છે. આ એક ચિંતાનો વિષય છે.

સલામતિ સમિતિના કાયમી સભ્યો આંતરરાષ્ટ્રીય વિરોધાભાસ ઊભો કરી, દેશો દેશો વચ્ચે ઝઘડાઓ પેદા કરી ઘણી જ સહેલાઈથી સલામતિ સમિતિનો ઉપયોગ ધમકીઓ આપવા માટે કરે છે. સલામતિ સમિતિ કોઈ ફેંસલો કરે તે પહેલાં પોતાના તરફથી પોતાના હરીફને ગુનેગાર ઠેરવી દે છે. સલામતિ સમિતિનો ઉપયોગ કાયમી સભ્યો પોતાના ફાયદા માટે જ કરે છે. સલામતિ સમિતિ મહાસત્તાઓના દાવપેચ રમવાનું એક રમકડું બની ગઈ છે.

મહાસત્તાઓનો ઈન્સાની હકોનો દાવો અને લોકશાહીના આલાપો ત્યાં સુધી જ છે જ્યાં સુધી બીજા રાષ્ટ્રો તેમનાથી દબાયેલાં રહે, બેઈઝ્ઝત બનીને રહે. તેમના દેશોના કુદરતી ખજાનાઓનો પણ આ લોકો ઉપયોગ કરતા રહે. પરંતુ જ્યારે કોઈ

રાષ્ટ્ર પોતાના હકની માંગણી કરે, પોતાના ખજાનાઓનો આ લોકોને ઉપયોગ ન કરવા દે, દબાયેલા ન રહે, તો પછી તેઓ લોકશાહી ઢબે કાર્ય કરતા હોય, આંતરરાષ્ટ્રીય કાનૂનોની ઈઝ્ઝત કરતા હોય તો પણ આ મહાસત્તાઓને તેઓ આંખમાં કણાની જેમ ખૂંચે છે. આ વાતનો જીવંત નમૂનો અને દૃષ્ટાંત ફલસ્તીનની લોકશાહી હુકુમત છે. જેના વિરોધમાં યહુદીઓની મદદ અને હિમાયત છે.

આ મહાસત્તાઓ દિવસમાં કેટલીય વખત લોકશાહી લોકશાહીના ઢંઢેરા પીટતી રહે છે. છતાંય જો ફલસ્તીનમાં લોકોની કત્લેઆમ કરવામાં આવે, ત્યાંની પ્રજાને વતનથી બેવતન કરવામાં આવે, લોકોને નાહક કેદ કરવામાં આવે, તેમનો ઘેરાવ કરવામાં આવે, તો પણ એમને કંઈ વાંધો નથી.

એમને ત્યારે ઈન્સાની હકોને કોઈ નુકસાન થતું દેખાતું નથી.

આંતરરાષ્ટ્રીય કાનૂનોમાં સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવ્યું છે કે માનવ હકોના અધિકારમાં બધા જ દેશો સમાન છે. પરંતુ ગરીબ દેશોને આ હકો ત્યારે જ મળી શકે જ્યારે કેટલીક મહાસત્તાઓનો પણ તેમને આ હકો આપવાનો ઈરાદો હોય.

દેખીતી રીતે સલામતિ સમિતિ કેટલીક મહાસત્તાઓના હકોના રક્ષણ માટે ફાયદામંદ છે. પરંતુ જો મઝલૂમો બોંબના વરસાદના શિકાર થઈ રહ્યા હોય, મોતના મોંમાં ધકેલાઈ રહ્યા હોય તો સલામતિ સમિતિએ ખામોશ રહેવું જોઈએ. બલકે જંગ બંધ કરવા માટે કોઈ ઠરાવ પણ પસાર ન કરવો જોઈએ. આ એક કોયડો છે. અને જો

સલામતિ સમિતિ જો કોઈ ઠરાવ પસાર પણ કરે તો એક ડ્રામા ભજવવા માટે તે ઘડી પુરતો જ. પછી એની આગળ કોઈ અમલી કદમ તે ઉઠાવી શકતી નથી.

**ભાઈઓ, બહેનો...**

પ્રશ્ન આ છે કે અમેરિકા અને બ્રિટન જેઓ સલામતિ સમિતિના કાયમી સભ્યો છે. જાતે જ પાપ કરે, કાનુનનું ઉલંઘન કરે, અન્ય આઝાદ દેશો ઉપર નાજાઈઝ કબજો કરે, આંતરરાષ્ટ્રીય કાનુનોનો ભંગ કરે તો યુ.એન.ઓ.ની કઈ કાઉન્સિલ અથવા કોણ સભ્ય તેમના આ ગુના ઉપર એકશન લેશે. શું આ બાબતમાં અત્યાર સુધીમાં એકાદ દૃષ્ટાંત પણ મળે છે ? કે આ મહાસત્તાઓને એમના સેંકડો ગુનામાંથી કોઈ એક ગુના ઉપર એકશન લેવામાં આવ્યા હોય.

હવે એનાથી ઉલટું જુઓ, આ બંને દેશોને જ્યારે કોઈ દેશ સાથે કંઈ વાંકુ પડે છે તે દેશને તરત જ સલામતિ કાઉન્સીલમાં ઘસડી લાવે છે. પોતે જ દાવો કરનારા, પોતે વકીલ પણ, અને જાતે જ કાઝી પણ બની જાય છે. પછી જે હુકમ આપવો હોય તે આપીને તેના ઉપર અમલ કરવાનું પણ શરૂ કરી દે છે.

શું આ પ્રકારની વ્યવસ્થા ન્યાય સંગત છે ? શું ફૂટફાટ નાખી દેશો  દેશો વચ્ચે લડાઈ કરાવવાની આનાથી પણ કોઈ વધારે સ્થિતિ હોઈ શકે છે ? ઝુલમ અને અત્યાચારનું આનાથી વધારે કોઈ દૃષ્ટાંત મળી શકે છે ?

આ રીતે તો લોકોનો વિશ્વાસ યુ.એન.ઓ. અને સલામતિ સમિતિ ઉપરથી ઊઠી રહ્યો છે. લોકો

બોલી રહ્યા છે કે અમનોઅમાન માટે આ ઈદારો કશું પણ કરી શકતો નથી.

આ રીતે મહાસત્તાઓ પોતાનો ઈરાદો અને હુકમ ૧૮૦ દેશો ઉપર ઠોપી દેવા માગે છે. જાણે વિશ્વના ૧૮૦ દેશોના પોતાને જ હાકેમ સમજે છે. પોતાને પુરા વિશ્વના માલીક અને ચલાવનાર સમજે છે. એમની દૃષ્ટિમાં બીજી પ્રજાઓ બીજા નંબર ઉપર છે.

**હઝરાત - બહેનો અને ભાઈઓ,**

ક્યાં સુધી વિશ્વની આવી પરિસ્થિતિ રહેશે ? ક્યાં સુધી આ મઝલૂમોને આપણે મરતાં જોયા કરીશું ? ક્યાં સુધી તેમના સગાંવહાલાંઓને રડતાં જોયા કરીશું ? આ યુનો, એને સંબંધિત અન્ય સંસ્થાઓ અને આ સલામતિ સમિતિના કાર્યાની અવરોધક અમૂક મહાસત્તાઓ છે. સલામતિ

સમિતિનું હાલનું માળખું એનું બંધારણ અને નિતિનિયમો અર્વાચિન નવી પેઢીની આકાંક્ષાઓને તથા જરૂરતોને પૂરી કરવા માટે અસમર્થ છે. એનું હાલનું માળખું, એના કાયદાઓ અને સિદ્ધાંતો આપણને બીજા વિશ્વયુદ્ધમાંથી વારસામાં મળ્યાં છે.

આ હકીકત આજે કોઈનાથી પણ છુપી નથી રહી કે સલામતિ સમિતિના અસ્તિત્વને બાકી રાખવા એને તાત્કાલિક કામ કરતી કરવાની છે. સાથે સાથે આ વાત પણ યાદ રાખવી જરૂરી છે કે જ્યાં સુધી આ સંસ્થા પારદર્શક, ન્યાયસંગત અને લોકશાહી ઢબે કામ કરતી ન થઈ જાય, વિશ્વના દેશો અને પ્રજાઓ માટે ફાયદાકારક બની શકશે નહિ. બીજી તરફ વીટોનો દુરુપયોગ થાય છે. એના ગલત ઉપયોગથી એના અસ્તિત્વને જ ખતરો છે. આ વાતનો કોઈપણ પ્રકારે ઈન્કાર કરી શકાશે નહિ.

જ્યારે યુ.એન.ઓ. અને સલામતિ સમિતિના માળખામાં, એના સિદ્ધાંતોમાં, એના કાયદાકાનૂનોમાં ધડમૂળથી ફેરફાર ન કરવામાં આવશે, ત્યાં સુધી આ આશા ન રાખવી જોઈએ કે નાઈન્સાફી, ઝુલમ અને જબરદસ્તીનો દુનિયામાં ખાતેમો થાય.

શું આ યોગ્ય છે કે આજે સમગ્ર વિશ્વના લોકો ૬૦ વર્ષ અગાઉ કરાયેલી વાતોની પાંબદી કરે? શું આજની પેઢી અને નવી આવનાર પેઢીઓને આ હક પ્રાપ્ત નથી કે તેઓ જે દુનિયામાં જિંદગી ગુજારી રહી છે. તેમાં જીવવાના કાયદા-કાનૂનોને નવેસરથી નક્કી કરી પોતાના ભવિષ્યના પોતે માલીક બને. આ યુનોની નવરચના કરે.

અર્વાચિન પરિસ્થિતિ, વિશ્વના બદલાતા સંજોગો જોતાં સલામતિ સમિતિના કાનૂની

માળખામાં ફેરફાર કરવાની અતિ જરૂરત દેખાઈ રહી છે. આ સંસ્થા ૬૦ વર્ષ અગાઉ બની છે.

ન્યાય અને લોકશાહીની દૃષ્ટિએ યુ.એન.ઓ.ની જનરલ એસેમ્બલીના કાર્યને મહત્ત્વ અપાવું જોઈએ. આ એસેમ્બલીને જોઈએ કે યોગ્ય કાનૂની કાર્યપદ્ધતિ અપનાવે, યુ.એન.ઓ.ના બંધારણીય માળખામાં સુધારણા કરે. તેમાંય ખાસ કરીને સલામતિ કાઉન્સિલના અર્વાચિન માળખાથી લોકોને છૂટકારો અપાવે.

જો યુનોની આ જનરલ એસેમ્બલી અમારા ઉપરોક્ત પ્રસ્તાવના અનુસંધાનમાં કંઈપણ કરવા માગતી ન હોય તો તટસ્થ રાષ્ટ્રોની હુકુમતો, ઈસ્લામી સરબરાહી કાઉન્સિલ અને આફ્રિકાખંડના એક એક દેશમાંથી એક એક પ્રતિનિધિ ખાસ પ્રકારના વિશેષ હક્કો સાથે તેઓને વિષે પાવર

આપીને સલામતિ સમિતિમાં કાયમી સભ્યપદ મળવું જોઈએ.

અમારી આ માંગણી ઈન્સાફની દૃષ્ટિએ બીલકુલ સમતોલ અને યોગ્ય છે. આમ કરવાથી ન્યાયના પલ્લાં બરાબર સરખાં રહેશે. અન્ય રાષ્ટ્રોની ઉપેક્ષા થતી રોકાઈ જશે.

જો આપણા હાકેમો જીવનમાં નેકી ઈખ્તિયાર કરી આ સિદ્ધાંતને અપનાવી લે :

તમામ ઈન્સાનો અલ્લાહની મખ્લુક છે અને તમામ ઈઝ્ઝત અને એહતેરામને કાબિલ છે. કોઈને કોઈના ઉપર વિશિષ્ટતા પ્રાપ્ત નથી. કોઈ વ્યક્તિ કે રાષ્ટ્ર પોતાને ખાસ વિશિષ્ટતાઓના માલીક નથી સમજી શકતી. ન તો કોઈ હુકુમતને બીજી હુકુમતોના હકોની ઉપેક્ષા કરવી જોઈએ. ન તો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પોતાના લાગવગના

કારણે પોતાની જાતને બીજી કોમો અને પ્રજાઓ કરતાં મહાન છે, એમ માનવું જોઈએ.

એશિયન, આફ્રિકન, યુરોપીયન અને અમેરિકી બધા જ સમાન છે. દુનિયાના ૬ અરબ (૧ અરબ - ૧૦૦ કરોડ)થી વધારે ઈન્સાનો બધા જ સમાન, બરાબર અને ઈઝ્ઝતને કાબિલ છે.

વિશ્વમાં સુલેહ - શાંતિ માટેના બે બુનિયાદી સિદ્ધાંતો છે. ઈન્સાફ અને ઈન્સાનની ઈઝ્ઝતનો ખ્યાલ રાખવો. આ તો નબીઓની શિખામણો છે. તેથી અમે માનીએ છીએ કે દુનિયામાં સ્થિર, ટકાઉ અને કાયમી સુલેહ શાંતિની સ્થાપના માટે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સંબંધોમાં પાયાની વાતો - ભાઈચારો, સારી વર્તણૂંક, એકબીજાની ઈઝ્ઝત કરવી છે.

સુલેહ-શાંતિ અને પ્રગતિ દુનિયાની તમામ હુકુમતોનો હક છે. આપણે બધા યુનોના સભ્ય છીએ. બધાને જ હકો પ્રાપ્ત છે. એવો માહોલ તૈયાર કરવામાં આવે જે લોકોમાં મહબ્બત ભાઈચારો, અને ઈન્સાફ છે તેવા આ સભાના બધા જ માનનીય સભ્યો દુનિયાના બધા જ કડવા - મીઠા પ્રસંગોથી અસર લે છે.

આપણે સીધી - સાદી ન્યાયસંગત પૉલીસી (ફૂટનીતિ) ઈખ્તિયાર કરીને આવનાર પેઢી માટે બેહતર જિંદગીના રસ્તા ખોલી શકીએ છીએ.

આપણે એકબીજાની મદદ કરીને નિષ્ફળતાના કારણોને પાયામાંથી દૂર કરી શકીએ છીએ. લોકો કુદરતી રીતે જ ભલાઈ - નેકી અને આ ઈચ્છાને પૂર્ણ કરવા માટે એકબીજા સાથે સંબંધો

કેળવી પ્રજાની સુખાકારી અને સુધારણાના કાર્યો કરીએ.

પરવરદિગાર કાદિર અને રહીમ છે. જે આ દુનિયાનો ખાલીક (પેદા કરનાર) છે. તે જ આ દુનિયાનો હાકેમ અને માલિક પણ છે. તે આપણને અદાલતનો (ન્યાયી જીવન જીવવાનો) હુકમ આપે છે. તે એમ પણ ઈચ્છે છે કે મારા બંદા ખૈર, ભલાઈ, નેકી અને પરહેઝગારીમાં એકબીજાની મદદ કરે, મારા બંદા દુ:ખમાં પણ એકબીજાની મદદ કરે.

અલ્લાહ ઈચ્છે છે કે પોતાના બંદા એકબીજાને નેકી અને ભલાઈ તરફ બોલાવે, બુરાઈઓથી રોકે.

બધા અંબિયાએ કિરામે હઝરત આદમ (અલ.)થી લઈને હઝરત મુસા (અલ.) સુધી,

હઝરત મુસા (અલ.)થી લઈને પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.) સુધી તમામ અંબિયાએ ઈન્સાનોને તવહીદ - એક અલ્લાહની ઈબાદત કરવા તરફ, ઈન્સાફથી જિંદગી જીવવા તરફ, ભાઈચારો અને મહબ્બતથી ઈન્સાનો સાથે જિંદગી જીવવા તરફ દઅવત આપી છે.

શું તવહીદ, અદાલત (ઈન્સાફ), મહબ્બત અને ઈન્સાની હકો જેવા પાયાના સિદ્ધાંતોને અમલમાં મૂકી આપણે એક બહેતર દુનિયા નથી બનાવી શકતા ? શું આપણે આ દુશ્મનીને દોસ્તીમાં નથી ફેરવી શકતા ?

હું યુ.એન.ઓ. ના તમામ મેમ્બરોને ઊંચા અવાજથી એલાન સાથે જણાવું છું કે આજે દુનિયા પહેલાં કરતાં વધારે સાલેહ, ન્યાયપ્રિય, ઈન્સાનિયતથી પ્રેમ કરનારા ઈન્સાનોની મોહતાજ

છે બલકે હવે તો એવા ઈન્સાનની મોહતાજ છે. જે દરેક પ્રકારથી  સાલેહ, કામિલ અને હકીકી નજાત અપાવનાર હોય. જેની રાહ તો તમામ ઉમ્મતો જોઈ રહી છે કે તેઓ આવે અને આ વિશ્વમાં અદાલત, સુલેહ અને ભાઈચારો કાયમ કરે.

છેલ્લે દુઆ કરું છું, અય પરવરદિગાર ! આ ઈન્સાનો તારા બંદા છે. તું પોતે જ એમની હિદાયત અને નજાતના માટે તાકીદ ફરમાવે છે. તું પોતે તે કામિલ ઈન્સાનને મોકલીને અમારી તરસ છિપાવી દે. જેના આવવાની તમામ ઉમ્મતો મુન્તઝિર છે. અને અમને તેમના રસ્તે ચાલનારા અને તેમના ઝુહુર અને ઈન્કિલાબના માટે કોશીશ કરનારાઓમાંથી બનાવી દે.

મહમૂદ અહમદી નઝાદ રાષ્ટ્રપતિ, ઇરાન જમહુરીએ ઈસ્લામી

# પ્રકરણ-૬ : રેહબરે કબીર ઈમામ ખોમેનીની યાદ

આપની સૌથી મોટી અને પ્રથમ ખિદમત ઈસ્લામને નવેસરથી જીવિત કર્યો. આપથી અગાઉ બસો વર્ષોથી સામ્રાજ્યવાદીઓની આ કોશીશ હતી કે ઈસ્લામને એક ગોખલામાં ગોઠવીને તેની શોભા બનાવી દે. તેના મુકાબલામાં આપે સામ્રાજ્યવાદ અને સામ્યવાદને મ્યુઝિયમની શોભા બનાવી દીધા, અને ઈસ્લામને સમગ્ર વિશ્વની સમક્ષ લાવીને મૂકી દીધો. તે સમયે બ્રિટનના વડાપ્રધાને વિસ્તારવાદી, ઘમંડી રાજકારણીઓની એક સભામાં જાહેરાત કરી હતી કે ઈસ્લામને તેમના દેશોમાં જ એક ખૂણામાં બેસાડી દેવો જોઈએ. આ લોકોએ મોટી મોટી રકમો ખર્ચીને સૌપ્રથમ આ કોશીશ શરૂ કરી કે ઈસ્લામને ઈન્સાનની જિન્દગીથી અલગ કરવામાં આવે. પછી

ધીરે ધીરે તેમના વ્યક્તિગત દિમાગોમાંથી અને અમલી જિંદગીથી પણ અલગ કરવામાં આવે.

ઈમામ ખોમેનીને ખબર હતી કે મહાસત્તાઓની ઘમંડી ચાલબાજીઓમાં ઈસ્લામ રૂકાવટ બને છે. ઈમામ ખોમેનીએ ઈન્સાની દિમાગોમાં ઈસ્લામને અમલી રૂપે પાછા લાવવાનો રસ્તો સાફ કરી દીધો. તેને બીજીવાર સજીવન કર્યો.

આપે મુસલમાનોને વિશ્વમાં ઈઝ્ઝત અને આબરૂની નેઅમત બક્ષી. મુસલમાનોમાં ખુમારી પેદા કરી દીધી. કચડાયેલા બેહાલ વર્ગને પોતાના હકો માટે જાગૃત કર્યા. બલકે ઈરાનના ઈસ્લામી ઈન્કિલાબે સમગ્ર વિશ્વના મુસલમાનોમાં ઈઝ્ઝતથી જિંદગી જીવવાનો એહસાસ જાગૃત કર્યો.

આપે મુસલમાનોમાં એક ઉમ્મત હોવાનું ભાન કરાવ્યું. ઈન્કિલાબ અગાઉ મુસલમાન જ્યાં

પણ જીવન જીવતા હતા, વ્યક્તિગત ધોરણે જિંદગી ગુઝારતા હતા. ઉમ્મતે ઈસ્લામીનો ખ્યાલ તેમના દિમાગોમાં ન હતો, અને જો એવો ખ્યાલ હોય તો પણ એ બાબત ગંભીર ન હતા. પરંતુ આજે સમગ્ર એશિયા, સમગ્ર આફ્રિકા, સમગ્ર મધ્યપૂર્વ, સમગ્ર યુરોપ અને અમેરિકા વગેરેમાં મુસલમાનો પોતાને એક વિશ્વવ્યાપી સમાજનું અંગ સમજવા લાગ્યા.

આ ભાવનાને ઈમામ ખોમેનીએ જ જગાવી છે. ઈસ્લામી ઉમ્મત એક હોવાની બાબત, અક્કલ અને એહસાસ આ ઘમંડી રાજકારણીઓના ઝુલમથી બચવા માટેનું સૌથી મોટું હથિયાર સાબિત થયું છે.

ઈમામ ખોમેનીએ ઈસ્લામી સિદ્ધાંતો ઉપર આધારિત એક એવી હુકુમતનો પાયો નાખ્યો, જેના વિશે મુસલમાન કે બિન મુસ્લિમોના દિમાગોએ વિચાર્યું પણ ન હતું. સામાન્ય મુસલમાનોમાં આવી

રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા માટેનો ખ્યાલ સુદ્ધાં નહીં પેદા થયો હોય. જેના બધા જ કારકૂનો ઈસ્લામી કાનૂનોના પાબંદ હોય. ઈમામ ખોમેનીનું આ એક એવું કાર્ય હતું જે એક એવો બહાદુર પુરુષ જ અંજામ આપી શકે જેના માથા ઉપર ઈમામે ઝમાનાનો હાથ હોય. કારણ સમગ્ર વિશ્વના ઘમંડી અને વિસ્તારવાદી રાજપુરુષોએ ઈસ્લામ દુશ્મનીમાં એકમત થઈ ઈસ્લામ વિરૂધ્ધ મોરચો માંડ્યો હતો.

(સૈયદ અલી ખામેનાઈ મદ્દઝિલ્લોહુઆલીના ઉદ્બોધનમાંથી)